

# અહિંસા

## ભગવાન મહાવીરની દૃષ્ટિમાં

ડૉ હુકમચંદ ભારિલ્લ

(ભગવાન મહાવીર ૨૬૦૦ મી જન્મ જયંતિ વર્ષ)

# અહિંસા -

## ભગવાન મહાવીરની દષ્ટિમાં

લેખક :

**પંડિત ડૉ. હુકમચન્દ ભારિલ્લ**

*શાસ્ત્રી, ન્યાયતીર્થ, સાહિત્યરત્ન, એમ.એ., પી.એચ.ડી.*

શ્રી ટોડરમલ સ્મારક ભવન, એ - ૪, બાપૂનગર, જયપુર - ૩૦૨૦૧૫

ગુજરાતી અનુવાદક :

**શાંતિલાલ ગોપાલજી પટેલ, રાજકોટ**

સંપાદક :

**પંડિત રતનચન્દ ભારિલ્લ**

*શાસ્ત્રી, ન્યાયતીર્થ, સાહિત્યરત્ન, એમ.એ., બી.એડ.*

પ્રાચાર્ય, શ્રી ટોડરમલ દિગમ્બર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય,

એ - ૪, બાપૂનગર, જયપુર - ૩૦૨૦૧૫

પ્રકાશક:

**પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ**

એ - ૪, બાપૂનગર, જયપુર - ૩૦૨૦૧૫

## પ્રાપ્તિસ્થાન:

**શ્રી ટોડરમલ સ્મારક ભવન**
એ-૪, બાપૂનગર, જયપુર - ૩૦૨૦૧૫
ફોન નંબર : ૫૧૫૫૮૧ - ૫૧૫૪૫૮

**પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
કહાન નગર, દેવલાલી
ફોન નંબર : ૫૪૧૦૪૪

*ગુજરાતી*
પ્રથમ આવૃત્તિ : પ્રત ૩૦૦૦
(૩ એપ્રીલ ૧૯૯૩)
દ્વિતીય આવૃત્તિ : પ્રત ૩૦૦૦
(૨ ઑક્ટોબર ૨૦૦૧)
કુલ પ્રત ૬૦૦૦

**★ કિંમત - રૂપિયા ૪/-**

*હિન્દી*
કુલ ૧૦ આવૃત્તિ : પ્રત ૯૧ હજાર ૨૦૦
*અંગ્રેજી*
કુલ ૨ આવૃત્તિ : પ્રત ૮ હજાર ૪૦૦
*મરાઠી*
પ્રથમ આવૃત્તિ : પ્રત ૫ હજાર ૨૦૦

***કુલ્લે ૧ લાખ ૧૦ હજાર ૮૦૦ પ્રતો***

## નમ્ર વિનંતી

શ્રી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરૂભ્યો નમ:

વીતરાગ માર્ગના પ્રભાવક અધ્યાત્મિક સત્પુરૂષ ***શ્રી કાનજીસ્વામી*** ને અગણિત વંદન કરતા પ્રસ્તુત ગ્રંથ આપના કર-કમલોમાં સાદર સમર્પિત છે. તેને વિનય અને બહુમાનપૂર્વક સ્વાધ્યાય કરશો. શ્રી જિનવાણીની કોઈ પણ પ્રકારે અશાતના કરશો નહીં. તેમાં ડાઘ પાડશો નહીં, ફાડશો નહીં, બગાડશો નહીં તેમજ સૂવાના પલંગ પર કે જમીન પર, અગર જ્યાં-ત્યાં અયોગ્ય સ્થાને રાખશો નહીં.

જિનવાણી (શાસ્ત્રજી) એટલે ભગવાનની વાણી છે, એટલે ભગવાનની વાણી જિનવર બરોબર છે, જેથી જિનેશ્વર દેવ સમાન જ જિનવાણીનું બહુમાન કરી જિનવાણીનો મર્મ સમજીને રત્નત્રયની પ્રાપ્તિ હેતુ નિકટ ભવ્ય બની જવાય છે.

**- પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ**

***ટાઈપ સેટીંગ*** : સમીર પારેખ
**ક્રિએટીવ પેજ સેટર્સ**
૩૪, કાવસજી પટેલ સ્ટ્રીટ, ૧૭, લાખાણી ટેરેસ,
ફોર્ટ, મુંબઇ - ૧ **ટેલી.** ૨૮૨ ૫૭ ૮૪

***મુદ્રણ*** : નિલેશ પારેખ
**પારસ પ્રિન્ટસ**
ફોર્ટ, મુંબઇ - ૧
**ટેલી.** ૨૮૨ ૫૭ ૮૪

# પ્રકાશકીય

## ગુજરાતી : દ્વિતીય આવૃત્તિ

ડૉ. હુકમચંદજી ભારિલ્લ દ્વારા 'અહિંસા : મહાવીરની દષ્ટિમાં' પુસ્તકની ગુજરાતીમાં દ્વિતીય આવૃત્તિ પ્રકાશન કરતા અમે અત્યંત પ્રસન્નતા અનુભવીયે છીએ. આ પુસ્તક બહાર પાડેલા અનેક પુસ્તકોથી જુદી જ છે.

અત્યાર સુધીના અમારા પ્રકાશનોની બુક તેમના દ્વારા જ લખેલી હતી. પણ આ પુસ્તક ડૉ. સાહેબના બહુ ચર્ચિત વ્યાખ્યાનોમાંથી ચુંટીને સંપાદન કર્યું છે.

'અહિંસા' વિષય ઉપર ડૉ. સાહેબના પ્રવચનોની લાંબી શ્રૃંખલા થઈ ગઈ છે, જે ભગવાન મહાવીરની ૨૫૦૦ મી નિર્વાણ મહોત્સવથી નિરંતર ચાલુ રહી છે. આ વિષય ઉપર એમના પ્રવચનોની જૈનોમાં તો માંગ રહે જ છે, પણ જૈનેતર સમાજમાં પણ ખૂબ વખણાય છે. આમ દેશ-વિદેશોમાં સેંકડો પ્રવચનો આ વિષય ઉપર આપી ચુકયા છે.

જૈન ધર્મના મૂળ સિદ્ધાંત 'અહિંસા' ના આ લોકપ્રિય વ્યાખ્યાનની માંગ ઘણાં વખતથી નિરંતર ચાલુ હતી. રાજસ્થાનના ભૂતપૂર્વ ઉદ્યોગ તથા સ્વાસ્થ્ય મંત્રી શ્રી ત્રિલોકચંદ જૈનના વિશેષ આગ્રહને ધ્યાનમાં રાખતા ડૉ. સાહેબના પ્રવચનોનો ટેપ કરી તેમાંથી લખ્યા છે અને તારણ-તરણ જયંતી પ્રસંગે મે ૧૯૮૫માં 'ગાગરમાં સાગર' પુસ્તકના છેલ્લા પ્રવચન રૂપ આ પુસ્તકનું પ્રકાશન થયું હતું. ત્યારબાદ ૩ જુલાઈ ૧૯૮૫માં પ્રથમ સંસ્કરણ રૂપે ૧૦ હજાર કોપી હિન્દી ભાષામાં પ્રકાશિત થઈ. આ પુસ્તકને બધી જગ્યાઓ હાર્દિક આવકાર મળતા, થોડાજ સમયમાં અલગ-અલગ ભાષાઓમાં ભાષાંતર થયું. હિન્દીમાં

દ્વિતીય આવૃત્તિ ૯૧ હજાર ૨૦૦ છપાઈ. અંગ્રેજીમાં રાખતા અમે નજીકના ભવિષ્યમાં જ બંને ભાષામાં પણ અનુવાદિત કોપીઓનું પ્રકાશન કરીશું.

ડૉ. ભારિલ્લજીના વિષયમાં તો શું કહીએ, હાલ સમાજમાં અત્યારે સૌથી લોકપ્રિય પ્રવચનકાર અને વિદ્ધાનોમાં મોખરે છે, જે સૌથી વધુ જનતા ઓળીખે છે તથા તેમના પુસ્તકો વંચાય છે. તે ફક્ત લોકપ્રિય પ્રવચનકાર અને કુશલ અધ્યાપકજ નહિં પણ સિદ્ધહસ્ત લેખક, કુશળ કથાકાર, સફળ સંપાદક અને આધ્યાત્મિક કવિ પણ છે. સાહિત્ય અને સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં તેમની ગતિ અમર્યાદિત છે. તત્ત્વપ્રચારની ગતિવિધિઓમાં નિરંતર ગતી રાખતી તેમની સૂઝબૂઝ, અદ્દભુત વ્યવસ્થાનું જ પરિણામ છે કે આજે જયપુર આધ્યાત્મિક ગતિવિધિનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. હકીકતમાં ચૌમુખી પ્રતિભાશાળી ડૉ. ભારિલ્લજી નોસમાજ હંમેશા ઋણી રહેશે.

ડૉ. ભારિલ્લજીની અત્યાર સુધી ૫૧ પુસ્તકોની ૪૦ લાખથી પણ વધુ સંખ્યામાં દેશની મુખ્ય આઠ ભાષાઓમાં અનુવાદિત કોપીઓ છપાઈ ચુકી છે. મારી તમને નમ્ર વિનંતી છે કે તેમના પુસ્તકોનો તો આમ સ્વાધ્યાય કરશોજ પણ પ્રત્યક્ષ તેમના પ્રવચનોને સાંભળવાનો પણ લાભ અવશ્ય લેજો.

આ પુસ્તકના સંપાદનમાં ડૉ. રતનચંદજી ભારિલ્લ તથા મુદ્રણ વ્યવસ્થા સંભાળનાર શ્રી અખિલ બંસલનો પણ પ્રસંશનીય સહયોગ પ્રાપ્ત થયો છે. તથા ચિવટપૂર્વક ટાઈપસેટીંગમાં મે. ક્રિએટીવ પેજ સેટર્સના શ્રી સમીર પારેખ તથા સ્વચ્છ, સુઘડ અને ઝડપી મુદ્રણ માટે મે. પારસ પ્રિન્ટસ્ના શ્રી રાજુ પારેખનો પણ અમે અત્રે આભાર માનીએ છીએ. આ પુસ્તકની કિંમત ઘટાડવા માટે દાન આપનાર ને બધા મહાનુભાવોનો પણ અત્યારે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ પુસ્તકને પુરૂ વાંચી, સંપૂર્ણ જગતમાં અહિંસાનું સમ્યક્ સ્વરૂપ સમજીએ તથા જીવનમાં અપનાવી અનંત સુખી થઈએ - આ પાવન ભાવના સાથે વિરમું છું.

**- નેમીચન્દ પાટની**

*મહામંત્રી, પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ*

# અહિંસા : ભગવાન મહાવીરની દૃષ્ટિમાં

## (મંગલાચરણ)

જો રાગ-દ્વેષ વિકાર વર્જિત લીન આતમ ધ્યાનમેં
જિનકે વિરાટ વિશાલ નિર્મલ અચલ કેવલજ્ઞાનમેં ॥
યુગપદ્ વિશદ્ સકલાર્થ ઝલકેં ધ્વનિત હોં વ્યાખ્યાન મેં
વે વર્ધમાન મહાન જિન વિચરે હમારે ધ્યાન મેં ॥

આ મંગલાચરણમાં ભગવાન મહાવીર–વર્ધમાનની ધ્યાનમાં વિચરણ કરવાની પ્રાર્થના કરી છે.

શા માટે ?

કારણ કે જૈન માન્યતાનુસાર જે જીવ એકવાર સિદ્ધદશાને પ્રાપ્ત થાય છે, તે પાછો ફરીને બીજીવખત સંસારમાં નથી આવતો; તેથી કવિ એવી પ્રાર્થના કરે છે કે: 'એક વખત તો આવવું પડશે, સૂતેલા ભારતને જગાડવું પડશે' - પોતાની પ્રાર્થનાને નિષ્ફળ થવા દેવા નથી ઇચ્છતા.

જે વસ્તુ ચાલી જાય છે, તે પાછી ફરીને બીજી વખત નથી આવતી. જેમકે આપણું બાળપણ ચાલ્યું ગયું, હવે તે પાછું ફરી નથી આવતું, પરંતુ તે આપણા ધ્યાનમાં તો આવી શકે છે, જ્ઞાનમાં તો આવીજ શકે છે.

મારી વાત પર વિશ્વાસ ન હોય તો આપ આંખ બંધ કરી એક મિનિટ માટે વિચાર કરો કે જ્યારે આપ છઠ્ઠા વર્ગમાં ભણતા હતા. હુતાશણીના ઉત્સવ પર એકવાર ફુગામાં પાણી ભરીને માસ્તરની ખુરશીની ગાદી નીચે રાખી દીધેલ.

જ્યારે માસ્તર આવ્યા અને ખુરશીપર બેઠા ત્યારે ફુગો ફુટ્યો હતો અને પાણીનો એક ફુવારો વછુટ્યો, તે સાથેજ વર્ગમાં હાસ્યનો ધોધ પણ વછુટી ગયેલ. આ વાત જાણવા પર આપને માર પણ ઓછો પડ્યો ન હતો, પરંતુ જ્યારે આજે તે ઘટનાનું સ્મરણ થઈ આવે છે. ત્યારે ફરી વખત તેવુંજ બાળપણ યાદ આવી જાય છે.

આવો કોઈને કોઈ બનાવ આપના બાળપણમાં પણ જરૂર બન્યો હશે. ભાઈ! જે પ્યારૂં બચપણ જતું રહ્યું, તે તો ફરીવખત પાછું નહિં આવી શકે, તો પણ તે આપણાં ધ્યાનમાં તો આવેજ છે, જ્ઞાનમાં તો આવેજ છે. બરાબર એજ પ્રકારે ભગવાન મહાવીર પણ, જે બે હજાર પાંચસો વર્ષ પહેલાં સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થઈ ચુકયાં છે, તે હવે આ સંસારમાં ફરીવખત પાછા ન આવી શકે; પરંતુ તે આપણાં જ્ઞાનમાં તો આવીજ શકે છે, ધ્યાનમાં તો આવીજ શકે છે.

એટલા માટે અહીં પ્રાર્થના કરી છે કે :-

"વે વર્ધમાન મહાન જિન વિચરે હમારે ધ્યાનમેં ॥"

આખર શા માટે ? જો કે આજનો જમાનો એટલો બેદર્દ થઈ ગયો છે કે મોતનો મલાજો કોઈ નથી રાખતું. સડકના કિનારે કોઈ વ્યક્તિ મરેલ અથવા અધમુઈ પડી હોય તો તેને જોઈને હજારો લોકો નીકળી જાય છે; પરંતુ કોઈ એમ નથી વિચારતું કે જો આ મરી ગયેલ છે તો તેના ઘરવાળાને ખબર કરીએ, જો તે અધમુવો હોય તો હોસ્પીટલમાં પહોંચાડીએ, કદાચ બચી જાય. બધા એમજ જોતાં જોતાં ચાલ્યા જાય છે, જાણે કંઈ થયુંજ નથી.

ખબર નથી પડતી કે આજનો આ માણસ કેવો કઠોર થઈ ગયો છે કે મોતના સમાચાર તેના હૃદયને હચમચાવી પણ નથી શકતાં. દરરોજ સવારમાં લોકો ચા પીતા પીતા સમાચાર વાંચે છે. મજાથી ચા પીતા જાય છે અને વાંચતા જાય છે કે બિહારમાં થયંકર પૂર આવ્યું છે, જેમાં એક લાખ લોકો મરી ગયાં અને દશલાખ લોક ઘરબાર વિનાના થઈ ગયાં છે. આ સમાચાર વાંચતી વખતે તેનો હાથ કાંપતો નથી, તેના હાથમાંથી ચાનો પ્યાલો પડી જતો નથી, ફૂટતો પણ નથી, લોકો, ખૂબજ મોજથી ચા પીતા જાય છે અને પાડોશીને સમાચાર સંભળાવતા જાય છે કે સાંભળ્યું ભાઈ સાહેબ ! બિહારમાં ભયંકર પૂર આવેલ છે, એક લાખ લોકો મરી ગયા અને દશલાખ લોકો ઘરબાર વિનાના થઈ ગયાં. આ સમાચારને એવા હાવભાવ કરીને સંભળાવે છે, કે જેમ શહેરમાં કોઈ નવું સર્કસ આવ્યું હોય અને તે તેના સમાચાર સંભળાવતાં હોય. આ વાત કહેતાં તેના મુખ ઉપર કોઈ દુ:ખનું નિશાન નથી હોતું.

આશય એ છે કે આજના આદમીમાં મોત પ્રત્યે એવી સંવેદનશીલતા નથી રહી કે જેવી એક જમાનામાં હતી. ભાઈ ! એક જમાનો એવો હતો કે જ્યારે કોઈપણ એક શેરીમાં જો ગાય મરી જતી તો જ્યાં સુધી ગાયની લાશ ન લઈ

જાય ત્યાં સુધી તે શેરીના લોકો મોઢામાં પાણીનું ટીપું પણ નહોતા લેતાં અને એક જમાનો આ છે કે સ્મશાનમાં પણ ઠાઠમાઠથી ચા પાણી ચાલે છે.

લોકો સ્મશાનયાત્રામાં પણ એવા ઠાઠમાઠથી જાય છે કે જેથી ખબરજ નથી પડતી કે આ કોઈની જાનમાં જઈ રહ્યાં છે કે સ્મશાનયાત્રામાં. એવીજ વાતો, એવીજ ઠઠ્ઠા-મશ્કરી; એવીજ રાજનૈતિક ચર્ચાઓ; અને જો ક્રિકેટની મોસમ ચાલતી હોય, તો ઘણાના હાથમાં ટ્રાંજિસ્ટર પણ મળશે, સ્કોર તો બધા પૂછેજ છેને !

ખબર નથી પડતી કે આજની દુનિયાને શું થયું છે ? બીજાની વાત તો જવા દો, સગા મા-બાપ મરે છે તોપણ આજનો આદમી તેને ત્રણ દિવસથી વધારે યાદ નથી રાખતો. આજે મરે અને કાલે બીજો દિવસ થાય છે. ત્રીજો દિવસ થયો નથીને કિસાન ખેતરે ચાલી નીકળે છે, અને કહે છે કે:- વાવણીનો સમય છે; દુકાનદાર દુકાન ખોલી નાખે છે, અને કહે છે કે:- સીઝન ચાલે છે, નીકરીયાત નોકરીપર જતો રહે છે, અને કહે છે કે:- અણધારેલ રજા (કેજ્યુઅલ લીવ) બાકી રહી નથી.

જે મા-બાપ જીવનભર પાપ કરીને સંપત્તિ ભેગી કરી, પાપનું પોટલું પોતાને માથે બાંધી લઈ જાય છે અને કમાણી બાળકો માટે છોડી જાય છે; જ્યારે તેનાજ બાળકો તેને ત્રણ દિવસથી વધારે યાદ પણ નથી રાખતાં તો પછી બીજાની વાત તો શું કરવી ?

આવા લાગણીવિનાના કઠોર જમાનામાં, જેણે ૨૫૧૦ વર્ષ પહેલાં દેહ છોડ્યો હોય તેને આપણે ૨૫૧૦ વર્ષ પછી યાદ કરીએ, પ્રાર્થના કરીએ કે:-

''વે વર્ધમાન મહાન જિન વિચરે હમારે ધ્યાનમેં''

શું તરંગ છે આમાં ?

એવું શું આપ્યું હતું ભગવાન મહાવીરે આપણને, જેને આપણે ૨૫૧૦ વર્ષ પછી પણ યાદ કરીને તેના ગીત ગાઈએ છીએ ?

ભૌતિકરૂપથી તો તેઓએ આપણને કંઈ પણ નથી આપ્યું. તેની પાસે હતું પણ શું જે આપણને આપે ? તેઓ તો નગ્ન દિગંબર હતાં, એક લંગોટી પણ ન હતી તેની પાસે; પણ ભાઈસાહેબ ! ભૌતિકરૂપથી સઘળું-બધું દેવાવાળાને પણ આપણે ક્યાં યાદ રાખીએ છીએ ? હમણાં જણાવ્યું હતું ને કે જે મા-બાપ આપણને પોતાનું સર્વસ્વ દેતા જાય છે, તેને પણ આપણે કેટલાં યાદ રાખીએ છીએ ?

પરંતુ આપણે મહાવીરને યાદ તો કરીએજ છીએ, લાખો લોકો તેમને ધ્યાનમાં વિચરણ (વારંવાર યાદ) કરવાની પ્રાર્થના તો કરેજ છે. એવું શું આપ્યું હતું તેમણે આપણને ? કારણકે આ સ્વાર્થી જગત પ્રયોજન વિના તો કોઈને પણ ક્યારેય યાદ નથી કરતું.

તેઓએ આપણને કોઈ એવો સિદ્ધાંત આપેલ હતો, એવો માર્ગ બતાવેલ હતો કે જેને આપણે અપનાવીએ, જેના પર આપણે ચાલીએ તો આજે પણ સુખ-શાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ.

કેટલાક લોકો કહે છે કે ભગવાન મહાવીરે જે રસ્તો બેહજાર પાંચસો વર્ષ પહેલાં બતાવ્યો હતો, હોઈ શકે છે કે તે રસ્તો તે યુગમાં કોઈ કામનો રહ્યો હોય, પરંતુ આજે દુનિયા ઘણીજ બદલી ગઈ છે; ક્યાં તે બળદગાડાનો જમાનો અને ક્યાં આ રોકેટની દુનિયા ? બેહજાર પાંચસો વર્ષ જુની વાતો આજે શું કામની ? તેથી તે લોકો કહે છે કે આજે મહાવીર આઉટ ઓફ ડેટ થઈ ગયાં છે.

એવા લોકોને હું કહેવા માગું છું કે મહાવીર આઉટ ઓફ ડેટ નથી થયાં, આજે પણ એકદમ અપ ટુ ડેટ છે. મારી આ વાત કદાચ તે લોકોને પસંદ ન આવે, જે એવાં કપડાં પહેરીને, એવા વાળ કપાવીને રહે છે કે દુરથી જોવાથી માલુમ પણ ન પડે કે તે છોકરો છે કે છોકરી, જે પોતાને અપ ટુ ડેટ સમજે છે; પરંતુ ધ્યાનમાં રાખો કો કોઈ વ્યક્તિ ડ્રેસ (પોશાક)થી અપ ટુ ડેટ નથી હોતી, પરંતુ પોતાના વિચારોથી થાય છે.

જે વ્યક્તિ ડ્રેસ (પોશાક)થી અપ ટુ ડેટ બનશે, તેને એકને એક દિવસે આઉટ ઓફ ડેટ થવુંજ પડશે; કારણ કે ડ્રેસ હંમેશા એક સરખો નથી રહેતો, બદલતો જ રહે છે. મારા પિતાજી પાઘડી બાંધ્યા કરતા હતા. જ્યારે તે દર્પણની સામે બેસીને પાઘડી બાંધતા હતા ત્યારે એક કલાકથી ઓછો સમય નહતો લાગતો. તે પ્રકારે જ્યારે પાઘડી બાંધીને બજારમાં નીકળતા હતા ત્યારે પોતાને ઓછા અપ ટુ ડેટ સમજતા ન હતા, પરંતુ અમે પાઘડી છોડી દીધી અને ટોપી લગાવી અમોને અપ ટુ ડેટ સમજવા લાગ્યા. અમારા બાળકોએ ટોપી પણ ફેંકી દીધી અને અપ ટુ ડેટ થઈ ગયાં, અમને આઉટ ઓફ ડેટ કરી દીધા.

ભાઈ ! જે વ્યક્તિ ડ્રેસ (પોશાક)થી અપ ટુ ડેટ બનશે, તેને એકને એક દિવસે આઉટ ઓફ ડેટ થવુંજ પડશે; બીજા કોઈ નહિં, પોતાના બાળકોજ તેને આઉટ ઓફ ડેટ કરી દેશે.

જ્યારે લોકો પાઘડી બાંધતા હતાં ત્યારે લોકો પાઘડી ઉછાળ્યાં કરતાં હતાં, જ્યારે ટોપીઓ પહેરવાં લાગ્યાં ત્યારે ટોપીઓ ઉછાળવાં લાગ્યા, પરંતુ આજે લોકો ન તો પાઘડી બાંધે છે અને ન તો ટોપી પહેરે છે તેથી લોકોના વાળજ ઉડવા લાગ્યાં. આપે પુરૂષ તો ટાલીયા ઘણાં જોયા હશે પરંતુ મહિલા એકપણ ટાલવાળી નહિં જોયેલ હોય. શું આપ જાણો છો કે પુરૂષ જ ટાલીયા કેમ હોય છે, મહિલાઓ કેમ નહિં ?

મહિલાઓના માથાપર ઓઢવાને માટે સાડીનો છેડો હંમેશા હાજર રહે છે, પરંતુ પુરૂષોના માથાપર ઓઢવાને માટે બહારની કોઈ વસ્તુ જોવામાં નથી આવતી, તેથી તેના વાળ ઉડવા લાગે છે. હજુ તો વાળજ ઉડે છે, જ્યારે વાળ પણ નહિં રહે તો શું ઉડશે ? આ સમજવાની વાત છે; એથી સમજદારી તેમાંજ છે કે આપણે ઓઢવાને માટે કોઈ એક બહારની વસ્તુ માથા પર અવશ્ય રાખવી જોઈએ.

જે કંઈ હોય, આ વાત તો વચ્ચમાં એમજ આવી ગઈ. આપણી વાત તો એ ચાલી રહી છે કે કોઈપણ વ્યક્તિ ડ્રેસ (પોશાક)થી અપ ટુ ડેટ નથી હોતી, પરંતુ પોતાના વિચારોથી અપ ટુ ડેટ હોય છે.

જો ડ્રેસ (પોશાક)થી અપ ટુ ડેટ માને તો પણ ભગવાન મહાવીર આઉટ ઓફ ડેટ નથી થઈ શકતાં, કારણ કે તે વિધાઉટ ડ્રેસ (પોશાક) હતાં.

હું ધોતી-પાયજામો પહેરૂં છું અને આપ લોકો સુટ-પેન્ટ, પરંતુ, આ તફાવત તો માત્ર ડ્રેસ (પોશાક)નો છે, ડ્રેસ (પોશાક)ની અંદર વિદ્યમાન (હયાત) શરીર તો બધાના એક જેવા જ છે.

આ ઉપરથી કોઈ એમ કહી શકે કે શરીરમાં પણ તફાવત તો જોવામાં આવે છે કે કોઈ ગોરાં છે, કોઈ કાળાં; કોઈ મોટાં છે, કોઈ પાતળાં; કોઈ લાંબા છે, કોઈ ઠીંગણા.

હાં, શરીરમાં પણ તફાવત છે; પરંતુ શરીરની અંદર વિદ્યમાન (હયાત) ભગવાન આત્મા તો બધાના એક જેવા જ છે. ભાઈ ! જેટલા ભેદ દેખાય છે, તફાવત દેખાય છે, તે બધા ઉપર ઉપરના જ છે; અંતઃકરણની ઉડાઈમાં જઈને જોશો તો એક મહાન સમાનતાના દર્શન થશે.

હાં, તો મૂળ વાત એ છે કોઈ વ્યક્તિ ડ્રેસ (પોશાક)થી મહાન નથી હોતી, પરંતુ પોતાના વિચારોથી મહાન હોય છે. ભગવાન મહાવીરે અહિંસાનો જે ઉપદેશ

આજથી બે હજાર પાંચસો વર્ષ પહેલાં આપ્યો હતો, એની જેટલી આવશ્યકતા આજે છે, એટલી મહાવીરના જમાનામાં પણ ન હતી, કારણકે આજે હિંસાએ ભયંકર રૂપ ધારણ કરી લીધું છે.

કહે છે કે પહેલાં લોકો લાઠીઓ અને પત્થરોથી લડ્યા કરતા હતાં. લાઠીઓ અને પત્થરોથી લડવાવાળા દવાખાનામાં પહોંચતા હતા, સ્મશાનમાં નહિં, આશય એ છે કે તેઓ ઘાયલ થતાં હતાં, મરતાં ન હતાં, પછી તલવારનો જમાનો આવ્યો, પરંતુ તલવારનો ઘા પણ ચાર હાથ સુધીજ થતો હતો, કોઈ વ્યક્તિ જો દશ-વીસ મીટર દૂર હોય તો તલવાર પણ નકામી થતી. ત્યારબાદ આપણે વધારે પ્રગતિ સાધી અને ગોળીઓ બનાવી લીધી, પરંતુ તે ગોળીઓ પણ એક સમયે એક આદમીનેજ મારી શકતી હતી તથા તેની મારવાની ક્ષમતા પણ સો-બસો મીટર સુધીનીજ હતી; પરંતુ આજે આપણે એવી-એવી ગોળીઓ બનાવી લીછી છે કે એક ગોળીથી ચીન સાફ થઈ જાય અને બીજી ગોળીથી ભારત. મારવાની ક્ષમતાનો પણ એટલો બધો વિકાસ કર્યો છે કે અમેરીકા પોતાના ઘરમાં બેઠાં-બેઠાં જ એક બટન દબાવે તો ચીન સાફ અને બીજું બટન દબાવે તો ભારત સાફ.

અને આપ એ જાણો છો કે આ બટન દબાવવાનું કામ પણ કેવા માણસોના હાથમાં છે ? જે દિવસમાં ત્રણ-ત્રણ બોટલ મદિરા-પાન કરે છે. ભાઈ ! જ્યારે આપણે ગરમ પાણી પીવાવાળા માણસો પણ એટલાં બધાં ભ્રમિત થઈ જઈએ છીએ કે વીજળીનું બટન દબાવવા ઈચ્છીએ અને પંખો ચાલુ થઈ જાય, ભૂલથી બાજુનું બટન દબાઈ જાય; તો આ ત્રણ ત્રણ બોટલ પીવાવાળાને તો શું કહેવું ? જો તેઓએ ચીનનું બટન દબાવવા ધાર્યું અને ભુલથી ભારતવાળાનું બટન દબાઈ ગયું તો શું થાય ? આપણે બધા માણસો મફતમાંજ મરી જવાના.

કહે છે કે અમેરીકાએ એટલી બધી વિનાશક સામગ્રી તૈયાર કરી છે કે જો તે ઈચ્છે તો દુનિયાનો ચાલીસ વખત નાશ કરી શકે છે. રશિયા પણ આજ એ સ્થિતિએ પહોંચી ગયું છે કે પચ્ચી વખત દુનિયાનો નાશ તો તે પણ કરી શકે છે. ચીન પણ આજે એ સ્થિતિમાં છે કે પાંચ વખત દુનિયાને સાફ કરી શકે. ભાઈ ! સૌભાગ્ય કહો કે દુર્ભાગ્ય, આજે ભારત પણ એવીજ હાલતમાં છે કે એક વખત તો એ કામ તે પણ પુરૂં કરી શકે છે; પરંતુ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે આ દુનિયા એકોત્તેર વખત બરબાદ થાય - એવો મોકો ક્યારેય નથી આવવાનો, કારણ કે જ્યારે આ દુનિયા એક વખત બરબાદ થઈ જશે ત્યારે બીજી વખત બરબાદ થવા માટે કંઈ બચશે જ નહિં.

એક વખત કોઈ દાર્શનિકને પૂછ્યું કે ત્રીજું વિશ્વયુદ્ધ કેવી રીતે લડાશે; તો તેણે બતાવ્યું કે ત્રીજાની વાત તો હું નથી કહી શકતો, પરંતુ ચોથું વિશ્વયુદ્ધ લાઠીઓ અને પત્થરોથી લડાશે. તેના કહેવાનો આશય એ હતો કે જો ત્રીજું વિશ્વયુદ્ધ થયું તો તે એટલું ભયાનક હશે, એટલું વિનાશક હશે કે તેમાં સંપૂર્ણ દુનિયા બરબાદ થઈ જશે અને આપણે ફરી તે આદમ યુગમાં પહોંચી જઈશું, જ્યાંના માણસો લાઠીઓ અને પત્થરોથી લડ્યાં કરતા હતાં; તેથી ત્રીજા વિશ્વયુદ્ધની વાત વિચારવી પણ ભયંકર અપરાધ છે, સામૂહિક આત્મહત્યાનો પ્રયાસ છે.

ભાઈ ! આજે આપણે દારૂના ઢગલાપર બેઠા છીએ, ક્યાંયથી પણ કોઈ એક તણખો ઉઠે અને સારી દુનિયા પલવારમાં નષ્ટ નથી જાય - એ સ્થિતિએ પહોંચી ગયા છીએ. આજે હિંસા એટલી ભયંકર થઈ ગયેલ છે, તેથી ભગવાન મહાવીરની અહિંસાની જરૂરીયાત આજે જેટલી છે, એટલી મહાવીરના જમાનામાં પણ ન હતી. ભાઈ ! એટલા માટે તો હું કહું છું કે મહાવીર આઉટ ઓફ ડેટ નથી થયાં, પરંતુ હાલમાં પણ એકદમ અપ ટુ ડેટ છે.

રામાયણની લડાઈ છ માસ ચાલી હતી; પરંતુ તેમાં મરનારની સંખ્યા હજારોની હતી, લાખોની નહિં. મહાભારતની લડાઈ માત્ર અઢારદિવસ ચાલી હતી; તેમાં પણ મરનારની સંખ્યા લાખોની હતી, કરોડોની નહિં; પરંતુ આજે ખરૂં યુદ્ધ જો અઢાર સેકંડજ ચાલે તો મરનારની સંખ્યા હજારોની નહિં, લાખોની નહિં; કરોડોની નહિં; અબજોની હશે, અસંખ્યની હશે, અનંત હશે.

પહેલાંના જમાનામાં યુદ્ધના મેદાનમાં સિપાહી લડતા હતા અને સિપાહીજ મરતાં હતા; પરંતુ આજે યુદ્ધ સિપાહીઓ સુધીજ મર્યાદિત નથી રહ્યું, યુદ્ધ મેદાનો સુધીજ મર્યાદિત નથી રહ્યું. આજે તેના ઘેરાવામાં સારી દુનિયા આવી ગયેલ છે. આજની લડાઈઓમાં માત્ર સિપાહીજ નથી મરતાં, કિસાન પણ મરે છે, મઝદુર પણ મરે છે, વ્યાપારી પણ મરે છે, ખેતર-પાદર પણ બરબાદ થાય છે, ગુંજતા કારખાના પણ નષ્ટ થાય છે, બજાર અને દુકાનો પણ નષ્ટ થઈ જાય છે. વધારે શું કહીએ, આજના આ યુદ્ધમાં અહિંસાની વાત કહેવાવાળા અમારા જેવા પંડિત અને સાધુજન પણ નહિં બચે, મંદિર-મસ્જીદ પણ સાફ થઈ જશે. આજનું યુદ્ધ સર્વવિનાશક થઈ ગયું છે. આજે હિંસા એટલી ભયાનક થઈ ગઈ છે, કે ભગવાન મહાવીરની અહિંસાની પણ આજે એટલીજ વધારે જરૂરીયાત થઈ ગઈ છે.

આ સ્થિતિમાં ભગવાન મહાવીરને આઉટ ઓફ ડેટ કહેવું, બિનજરૂરી કહેવું ક્યાં સુધી યોગ્ય છે ? આ વિચારવા જેવી વાત છે.

આજની લડાઈઓ મોટી વીતરાગી લડાઈઓ બની ગઈ છે, પહેલાંની લડાઈઓમાં મારવાવાળાને પણ ખબર રહેતી હતી કે મેં કોને મારેલ છે અને મરવાવાળાને પણ ખબર રહેતી કે મને કોણ મારી રહ્યું છે; પરંતુ આજે ન તો મરવાવાળાને ખબર છે કે મને કોણ મારી રહ્યું છે, ન તો મારવાવાળાને ખબર છે કે હું કોને મારવાને માટે જઈ રહ્યો છું.

ઉપરથી રામ બોંબ ફેંકે છે અને નીચે તેનો ભાઈ લક્ષ્મણ મરી જાય છે અને મંદિર સાફ થઈ જાય છે. ઉપરથી રહીમ બોંબ ફેંકે છે અને નીચે તેનો ભાઈ કરીમ મરી જાય છે અને મસ્જીદ સાફ થઈ જાય છે. ઉપરથી હરમીંદરસિંહ બોંબ ફેંકે છે અને નીચે તેનો જ ભાઈ ગુરૂમીંદરસિંહ મરી જાય છે અને ગુરૂદ્વારા સાફ થઈ જાય છે.

જ્યારે કોઈ કોઈના ઉપર બોંબ ફેંકે છે તો કોઈ એમ નથી કહેતું કે રામે રહીમ ઉપર બોંબ ફેંક્યો છે, બધા એમજ કહે છે કે અમેરીકાએ જાપાન ઉપર બોંબ ફેંક્યો હતો. આશય એ છે કે બોમ્બની લડાઈ ખરેખર વ્યક્તિઓની લડાઈ નથી, દેશોની લડાઈ છે. વ્યક્તિઓની અપેક્ષાએ દેશોની લડાઈ વધારે ખતરનાક હોય છે, કારણ કે તે સામૂહિક વિનાશ કરે છે.

પહેલાંની લડાઈઓ વ્યક્તિઓની વચ્ચે થતી હતી, પછી પરિવારોની વચ્ચે થવા લાગી. ત્યારબાદ જાતિઓ લડવા લાગી અને આજે દેશ લડે છે.

રામાયણની લડાઈ બે વ્યક્તિઓની લડાઈ હતી. રામ અને રાવણ બન્ને વ્યક્તિઓ જ તો હતી. રામાયણની લડાઈ રામ અને રાવણની લડાઈ તો કહેવાય છે. ત્યારબાદ આપણે મહાભારતના યુગમાં આવીએ છીએ. ત્યાં સુધી પરિવાર લડવા લાગ્યા હતાં. મહાભારતનું યુદ્ધ કૌરવો અને પાંડવો વચ્ચે થયું હતું. કૌરવ અને પાંડવ કોઈ એક વ્યક્તિનું નામ ન હતું. પરિવારનું નામ છે.

આપણે હજુ વધારે આગળ વધીએ. સંવત સુડતાલીસમાં થયેલા દંગલ રામ અને રહીમની વચ્ચે નહિં, હિંદુ-મુસલમાનોની વચ્ચે થયું હતું. હિંદુ અને મુસ્લિમ બન્ને જાતિઓ છે. સંવત ૧૯૬૫ અને ૧૯૭૧માં થયેલ લડાઈઓ શ્રી લાલબહાદુર શાસ્ત્રી અને અયુબખાન તથા શ્રીમતિ ઈન્દિરા ગાંધી અને યાહ્યાખાનની વચ્ચે નહોતી લડાઈ, પરંતુ તે યુદ્ધ ભારત અને પાકિસ્તાન વચ્ચે થયું હતું.

ભાઈ ! જો વ્યક્તિ લડે છે તો વ્યક્તિ બરબાદ થાય છે, જો પરિવાર લડે છે તો પરિવાર બરબાદ થાય છે, જો જાતિઓ લડે છે તો જાતિઓ બરબાદ થાય છે અને જો દેશ લડે છે તો દેશ બરબાદ થાય છે.

દેશનો અર્થ માત્ર આદમી નથી થતો. દેશમાં આદમીઓની સાથે પશુ-પક્ષી પણ હોય છે, ખેતર-પાદર પણ હોય છે, ગુંજતા કારખાના પણ હોય છે અને મંદિર-મસ્જીદ પણ હોય છે. દેશ બરબાદ થવાનો અર્થ છે કે આ બધાની બરબાદી થવી, વિનાશ થવો. ભાઈ, જ્યાં અણુબોંબ પડે છે, ત્યાં આદમીની સાથે સાથે પશુ-પક્ષી પણ મરે છે, કીડા-મંકોડા પણ મરે છે, ઝાડ-પાન પણ નષ્ટ થાય છે; ત્યાં સુધી કહે છે કે જ્યાં અણુબોંબ પડે છે, ત્યાંની જમીન પણ એવી થઈ જાય છે કે ત્યાં હજાર વર્ષ સુધી ઘાસ પણ નથી ઉગતું.

ભાઈ ! આજે હિંસાનું પણ રાષ્ટ્રીયકરણ થઈ ગયું છે. તે પણ હવે વ્યક્તિગત નથી રહી.

વિનાશના આ પ્રલયકારી પુરને રોકવાને જો કોઈ સમર્થ હોય તો તે એકમાત્ર ભગવાન મહાવીરની અહિંસાજ છે, તેથી હું કહું છું કે ભગવાન મહાવીરની અહિંસાની જેટલી જરૂરીયાત આજે છે, એટલી ભગવાન મહાવીરના જમાનામાં ન હતી, એટલા માટે કહી શકાય છે કે ભગવાન મહાવીર આજે પણ અપ ટુ ડેટ છે.

આ વાત તો થઈ આજના સંદર્ભમાં ભગવાન મહાવીરની અહિંસાની ઉપયોગિતાની; પરંતુ મૂળ વાત તો એ હતી કે ભગવાન મહાવીરની દષ્ટિમાં અહિંસાનું વાસ્તવિક સ્વરૂપ શું છે ?

આજ એ પ્રચલિત થઈ ગયું છે કે જ્યારે કોઈ વ્યક્તિ અહિંસાની વાત કરશે તો કહેશે કે હિંસા ન કરો - બસ આજ અહિંસા છે. પરંતુ હિંસાનુંજ વાસ્તવિક સ્વરૂપ કોઈ સ્પષ્ટ નથી કરતું. જો હિંસાને છોડવી છે અને અહિંસાને જીવનમાં અપનાવવી છે તો આપણે હિંસા-અહિંસાના સ્વરૂપ ઉપર ઊંડાણથી વિચાર કરવો પડશે, સમજ્યા વિના કરેલ ગ્રહણ-ત્યાગ અનર્થકજ હોય છે અથવા સમ્યક સમજ વિના ગ્રહણ અને ત્યાગ સંભવજ નથી. જેમ કહ્યું છે કે :-

"સંગ્રહ ત્યાગ ન બિનુ પહિચાને"[1]

અથવા

"બિન-જાને તેં દોષ-ગુનન કો કૈસે તજીએ ગહીએ ?"[2]

---

૧. મહાકવી તુલસીદાસ : રામચરિત માનસ

૨. કવીવર દોલતરામ : છ ઢાળા, ત્રીજી ઢાળ, છંદ ૧૧

તેથી હિંસાના ત્યાગ અને અહિંસાના ગ્રહણ પહેલાં તેને ઉંડાણથી સમજવું અત્યંત જરૂરી છે.

એકવાર મહર્ષિ વ્યાસની પાસે થોડા શિષ્યગણ પહોંચ્યા અને તેમને નિવેદન કરવા લાગ્યા:-

''મહારાજ ! આપે તો અઢાર પુરાણ બનાવ્યાં છે. સંસ્કૃત ભાષામાં લખેલ છે. મોટી-મોટી પોથીઓ વાંચવા માટે અમારી પાસે સમય નથી અને અમે તો સંસ્કૃત ભાષા પણ જાણતા નથી. અમે તો સાચી રીતે હિન્દી પણ નથી જાણતા તો સંસ્કૃતમાં લખેલ આ પુરાણ કેવી રીતે વાંચીએ ? અમારી પાસે એટલો સમય પણ નથી કે અમો તેને પુરૂં વાંચી શકીએ. તેથી અમારા હિતની વાત અમને સંક્ષેપ (ટુંકાણ)માં ન સમજાવો ?''

તેઓની વાત સાંભળી મહાકવિ વ્યાસ બોલ્યા:-

''ભાઈ ! આ અઢાર પુરાણ તો અમે અમારા જેવાને માટેજ બનાવ્યા છે, તમારે માટે તો માત્ર આટલું જ પુરતું છે:-

**અષ્ટાદશપુરાણેષુ વ્યાસસ્ય વચનદ્વયં ।**
**પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્ ॥**

અઢાર પુરાણોમાં મહાકવિ વ્યાસે માત્ર બેજ વાત કહી છે કે જો પરોપકાર કરશો તો પુણ્ય થશે અને બીજાને પીડા પહોંચાડશો તો પાપ થશે.

માત્ર આટલું જાણો, આટલું માનો અને સાચા હૃદયથી જીવનમાં ઉતારો - તમારૂં જીવન સાર્થક બની જશે.''

માનો કે ભગવાન મહાવીરના અનુયાયી પણ આ પ્રમાણે તેમની પાસે પહોંચ્યા અને કહેવા લાગ્યાં કે મહર્ષિ વ્યાસે તો અઢાર પુરાણોનો સાર બે પંક્તિઓમાં બતાવી દીધો, આપ પણ જૈન દર્શનનો સાર બે પંક્તિઓમાં બતાવી આપોને, અમોને પણ આ પ્રાકૃત-સંસ્કૃતમાં લખેલ મોટા-મોટા ગ્રંથરાજ સમયસાર, ગોમ્મટસાર વાંચવાની નવરાશ કયાં છે ?

માનો ઉત્તરમાં મહાવીર કહે છે :

**''અપ્રાદુર્ભાવઃ ખલુ રાગાદીનાં ભવત્યહિંસેતિ ।**
**તેષામેવોત્પત્તિહિંસેતિ જિનાગમસ્ય સંક્ષેપઃ ॥'[1]**

---

૧. પુરૂકષાર્થસિદ્ધયુપાય શ્લોક ૪૪

આત્મામાં રાગાદિ ભાવોનું ઉત્પન્ન થવું તે જ હિંસા છે અને આત્મામાં રાગાદિ ભાવોનું ઉત્પન્ન ન થવું તે જ અહિંસા છે - એજ જૈન સિદ્ધાંતનો સાર છે.[૧]

આત્મામાં રાગાદિ ભાવોની ઉત્પત્તિજ હિંસા છે. એમ કહીને અહિં ભાવહિંસા પર વિશેષ ભાર દીધો છે, દ્રવ્યહિંસાની ચર્ચા સુધી નથી કરી; તેથી એ પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક છે કે શું મહાવીર દ્રવ્યહિંસાને હિંસાજ નહોતા માનતા ? જો માને છે તો પછી સીધા-સાદા શબ્દોમાં એમ કેમ નથી કહેતાં કે દુનિયામાં મારફાડનું થવું હિંસા છે અને દુનિયામાં મારફાડનું ન થવુંજ અહિંસા ?

આ હિંસા-અહિંસાની સીધી-સાદી સરળ પરિભાષા છે, જે બધાની સમજમાં સરળતાથી આવી શકે છે; નકામી વાતોની જાળમાં ગુંચવીને તેને કઠણ કેમ બનાવી છે ?

ભાઈ ! એવી વાત નથી. ભગવાન મહાવીર દ્રવ્યહિંસાનો પણ સ્વીકાર કરે છે. તેમના આશયને આપણે ઊંડાણથી સમજવો પડશે. તેતો આપ જાણો છો કે હિંસા પણ ત્રણ પ્રકારથી થાય છે:- મનથી, વચનથી અને કાયાથી.

કાયાની હિંસા તો સરકાર રોકે છે. જો કોઈ કોઈને જાનથી મારી નાખે તો તેને પોલીસ પકડશે, તેના ઉપર દાવો ચાલશે અને ફાંસીની સજા થશે. ફાંસીની સજા ન થઈ તો આજીવન કેદ થશે. નહિં મારે, પીટે તો પણ પોલીસ પકડશે, દાવો ચાલશે અને બે ચાર વર્ષની સજા થશે; પરંતુ જો કોઈ કોઈને વાણીથી મારે અર્થાત જાનથી મારી નાખવાની ધમકી આપે, ગાળો દે, સારો-નરસો કહે તો સરકાર કંઈ નથી કરી શકતી.

એક વાર હું પોલીસ ચોકીએ ગયો. ત્યાં હાજર પોલીસ ઈન્સ્પેકટરને મેં કહ્યું:-

''ઈન્સ્પેકટર સાહેબ, અમુક વ્યકિત મને જાનથી મારી નાખવાની ધમકી આપે છે, મારો જાન જોખમમાં છે.''

ત્યારે તે બોલ્યા:- ''આમાં હું શું કરી શકું ?''

મેં કહ્યું:- ''શું કહ્યું, આપ શું કરી શકો ? અરે ભાઈ ! આપ બંદોબસ્ત કરો. એમ કરો કે બે સિપાહી મારી સાથે આપો.''

---

૧. આ પ્રકારની એક ગાથા કષાય પાહુડમાં પ્રાપ્ત થયેલ છે જે આ પ્રકારે છે :-

રાગાદીરણમણુપ્પા અહિસગત્તં દેસિદં સમયે ।
તેસિ ચે ઉત્પત્તી હિંસેત્તિ જિરણેહિ રિણદ્દિવવદ્દઠા ॥

તે હસતા હસતા બોલ્યા:-

"ભાઈ ! જો દરેક સામાન્ય વ્યક્તિની સાથે બે પોલીસવાળા આપવા લાગીએ તો આપ જાણો છો કે ભારતમાં સાંઠ કરોડ આદમી રહે છે, તેથી એક અબજ અને વીસ કરોડ પોલીસવાળા જોએ. બોલો, આટલા પોલીસ ક્યાંથી લાવીએ ?"

મેં કહ્યું:- "તે તો આપ બરાબર કહો છો; પરંતુ હું શું કરૂં ? મારે તો જાનનું જોખમ છે."

ઘણીજ ગંભીરતાથી તે કહેતા લાગ્યા:- "એવું કરો, આપ રીપોર્ટ લખાવો."

તેથી મેં કહ્યું:- "એથી શું થશે ?"

ત્યારે ખુબજ ઠાવકાઈથી સીગારેટ પીતા પીતા બોલ્યા:-

"આપ ચિંતા ન કરો. જ્યારે આપની હત્યા થઈ જશે, ત્યારે તેને જલ્દીજલ્દી ગિરફતાર કરી લેવામાં આવશે."

મેં ગભરાતા-ગભરાતા કહ્યું:- "સારી વ્યવસ્થા છે, મર્યા પછી થશે, પહેલાં કંઈ ન થઈ શકે."

નિરાશ થતાં તે કહેવા લાગ્યાં:-

"ભાઈ ! અમે શું કરીએ ? આપ જ બતાવો કે એવો કોઈ કાયદો છે, કે જેથી તુરતજ અમે અપરાધ થયા વિનાજ કોઈને ગિરફતાર કરીને, હંમેશને માટે જેલમાં મોકલી આપીએ ? વધારેમાં વધારે એ બની શકે કે અમે ગંભીર ફરીયાદ ઉપર તેના જામીન-મુચરકા લઈએ. તેનાથી વધારે કંઈ નથી થઈ શકતું. આપની ફરીયાદ પર ન તો તેને અમે ગિરફતાર કરીને હંમેશને માટે જેલમાં મોકલી શકતા અને ન તો આપની સાથે પોલીસનો બંદોબસ્ત કરી શકતાં."

જ્યારે મેં ઉપર કહેલ સ્થિતિ પર ગંભીરતાથી વિચાર કર્યો તો એ સાર પર પહોંચ્યો કે કાયદો તે બરાબરજ છે; કારણ કે આપણે લોકો વાણીથી એટલા બધા હત્યારા થઈ ગયાં છીએ કે જેમણે જીવનમાં એકપણ જીવની હત્યા ન કરી હોય, તે પણ દિવસમાં વાણીથી દસ-વીસ વખત દસ-વીસની હત્યા તો કરી નાખીએ છીએ. વાત-વાતમાં આપણે વાણીની હત્યાપર આવી જઈએ છીએ. રેલમાં બેઠા હોઈએ, મોટરમાં બેઠા હોઈએ; પાસે બેઠેલા આદમીને કહીશું:-

"ભાઈ ! જરાક આઘા ખસો; હું પણ બેસી જઉં."

આથી તે અકડાઈ કરશે. પછી શું થશે, તમો પણ ક્યાં પાછળ રહેવાના છો ? જોર-જોરથી કહેવા લાગશો કે :-

"શું તેં જ ટીકીટ લીધી છે, અમે ટીકીટ નથી લીધી શું ? ચાલ હટ, નહિં તો હમણાંજ ખુદાને પ્યારો થઈ જઈશ."

વાત-વાતમાં કોઈ કોઈને ભગવાનની પાસે મોકલવાનું વિચારે છે, કહેવા લાગે છે. હવે આપજ આપની છાતીપર હાથ રાખીને બતાવો કે જો વાણીની હિંસાપર પોલીસ-કાર્યવાહી થવા લાગે તો અમે અને તમારામાંથી કોણ જેલની બહાર રહેશે ? ચિંતા કરવાની વાત નથી, કારણકે જેલોમાં એટલી બધી જગ્યાઓ પણ નથી કે જ્યાં વાણીના હત્યારાઓને રાખે.

ભાઈ ! આ માતાઓ અને બહેનો છે ને; મોટી ધર્માત્મા, એટલી ધર્માત્મા કે સવારમાં ઉઠશે તો પોતે નહાશે, ગાયોને નવડાવશે, ડોલને નવડાવશે; તેમાં કાઢેલ દુધ પીશે. તમો વિચારો, કેટલી ધર્માત્મા હશે ?

મહા મહિનો હોય, ભયંકર ઠંડી પડતી રહેતી હોય, માં રસોઈ બનાવી રહેલ હોય અને તેનો બે વર્ષનો બાળક ચોકાની બહાર રડતો હોય, માની પાસે જવા ઈચ્છતો હોય; પરંતુ મા કહેતી હોય છે કે:-

"જો મારી પાસે ચોકામાં આવવું હોય તો કપડાં ઉતારીને આવ, નહિંતર મારો ચોકો અપવિત્ર થઈ જશે."

બાળક જો કપડાં ઉતારે તો ન્યુમોનિયા થઈ જવાનો ભય છે અને કપડાં ન ઉતારે તો માની પાસે જવું સંભવ નથી. આખરે બિચારો કરે તો શું કરે ? અંતે તો એજ થાય છે કે તે બાળક ચોકાની સીમા-રેખાનું વારંવાર એજ પ્રકારે ઉલ્લંઘન કરે છે, ચોકાની સીમા પર વારંવાર તે પ્રકારની સતામણી કરે છે, જે પ્રકારે પાકિસ્તાન કાશ્મીરની સીમા પર કર્યા કરે છે.

તથા જે પ્રકારે ભારત સરકાર વારંવાર કડક વિરોધપત્ર મોકલ્યા કરે છે, તે પ્રકારે તે ધર્માત્મા મા પણ વારંવાર ધમકીઓ આપ્યા કરે છે કે જો કપડાં ઉતાર્યા વિના ચોકાની સીમામાં પ્રવેશ કર્યો છે તો જીવતો સળગાવી દઈશ, જીવતો. ચુલામાંથી સળગતી લાકડી કાઢીને બાળકને વારંવાર દેખાડતી ધમકાવે છે, કહે છે:-

"જો ! જો કપડાં કાઢ્યા વિના અંદર પગ રાખ્યો તો સમજી લેજે કે જીવતો સળગાવી દઈશ, જીવતો...."

હવે હું આપને જ પૂછું છું કે જો એ બાળક પોલીસને જઈને રીપોર્ટ લખાવે કે મારી મા મને જીવતો સળગાવી દેવાની ધમકી આપે છે તો શું પોલીસવાળા તેની માને પણ ગિરફ્તાર કરશે ? કદાચ આ આપને પણ સ્વીકાર્ય ન હોય.

ભાઈ ! જે મા પોતાના બાળકને જીવતો સળગાવે તે તો ઘણું આગળ પડતું છે, પરંતુ સ્વપ્નમાં પણ જો તેની માત્ર આંગળી દાઝતાં દેખે તે તો બેહોશ બની જાય, તે મા પણ જો વાણીથી આટલી હત્યારી થઈ શકે છે તો પછી બીજાઓનું તો શું કહેવું ? એથી કાયદો તો બરાબરજ છે કે તે વાણીની આ હિંસાને નજરમાંજ નથી લેતો; પરંતુ વાત એમ છે કે ભલેને સરકાર તે ન રોકે, પરંતુ વાણીની હિંસા પણ અટકવી તો જોઈએજ.

હા, અટકવી જોઈએ, જરૂર અટકવી જોઈએ. કાયાની હિંસાને સરકાર રોકે છે તો વાણીની હિંસાને સમાજ રોકે છે.

કેવી રીતે ?

જે લોકો વાણીનો સદ્ઉપયોગ કરે છે, સમાજ તેનું સન્માન કરે છે અને જે દુરૂપયોગ કરે છે, સમાજ તેનું અપમાન કરે છે; એમની સજ્જનતાને ખાતર અપમાન પણ ન કરે તો ઓછામાં ઓછું સન્માન તો નથી કરતો.

આપ બધા મોટા મોટા માણસો નીચે બેસી ગયાં છો અને મને અહિં ઉપર ગાદીપર બેસાડ્યો છે. કેમ, આવું શા માટે કર્યું આપે બધાએ ? એટલા માટે કે હું આપને ભગવાન મહાવીરની સુંદર વાતો બતાવી રહ્યો છું.

જો હું હમણાં અહીં બેઠા બેઠા સ્પીકર પર જ આપ બધાને ગાળો દેવા લાગું તો શું થશે ? શું આપ મણે આટલાં સન્માનથી બીજીવાર બોલાવશો ?

નહિ, ક્યારે પણ નહિં. જુઓ ! આ તમારા અધ્યક્ષ મહાશય શું કહી રહ્યાં છે ? તેઓ કહે છે કે આપ ફરી વખત બોલાવવાની વાત કરો છો, અરે હાલ તો અત્યારનુંજ વિચારો કે હમણાં શું થશે ?

ભાઈ ! જે વ્યક્તિ પોતાની વાણીનો સદુપયોગ કરે છે, સમાજ તેનું સન્માન કરે છે અને જે દુરૂપયોગ કરે છે, તેની અવગણના અથવા અપમાન. આ પ્રકારે સન્માનના લોભમાં અને અવગણના અથવા અપમાનના ભયથી આપણે ઘણું ખરૂં આપણી વાણી ઉપર પણ સંયમ રાખીએ છીએ; પરંતુ જો હું હમણાં અહિં બેઠા-

બેઠા તમો બધાને મનમાં ગાળો દેવા લાગું તો સમાજ મારૂં શું કરી લેશે અને સરકાર પણ શું કરી લેશે ?

આ કારણ છે કે ભગવાન મહાવીરે કહ્યું કે જ્યાં સરકારનો પ્રવેશ ન હોય અને સમાજનું ચાલતું ન હોય, ધર્મનું કાર્ય ત્યાંથી શરૂ થાય છે; તેથી તેઓએ ઠીકજ કહ્યું છે કે આત્મામાં રાગાદિની ઉત્પત્તિ જ હિંસા છે અને આત્મામાં રાગાદિની ઉત્પત્તિ ન થવીજ અહિંસા છે - આ જિનાગમનો સાર છે.

ભગવાન મહાવીરે હિંસા-અહિંસાની પરિભાષા (વ્યાખ્યા)માં 'આત્મા' શબ્દનો પ્રયોગ કેમ કર્યો છે - આ વાત તો સ્પષ્ટ થઈ ધ્યાન રાખો - અહિં સમજાવવા માટે આત્મા અને મનને અભેદ માનીને વાત કહેવાય છે.

પહેલા હિંસા આત્મા એટલે કે મનમાં ઉત્પન્ન થાય છે. જો ક્રોધાદિરૂપ હિંસા મનમાં ન રહે તો પછી વાણીમાં પ્રગટ થાય છે. જો વાણીથી પણ કામ ન થાય તો કાયામાં વિકસિત થાય છે. હિંસાની ઉત્પત્તિનો આ જ ક્રમ છે.

અત્યારે આપણી આ સભા શાંતિથી ચાલી રહી છે. પરંતુ જો કેટલાક લોકો તેમાં ઉપદ્રવ કરવા લાગે તો શું થાય ? ચિંતા કરવાની કોઈ વાત નથી, અહિં કોઈ ઉપદ્રવ થવાનો નથી, હું તો મારી વાત સ્પષ્ટ કરવા માત્ર ઉદાહરણ આપી રહ્યો છું.

હાં, તો આપ બતાવો કે અહિં જો ઉપદ્રવ થવા લાગે તો શું થાય ?

શું થાય ? કહીં નહિં. થોડીવાર તો કઈ નહિં થાય, જ્યાં સુધી વ્યવસ્થાપકનો ક્રોધ મનની સીમા સુધી રહેશે, ત્યાં સુધી તો કંઈ નહિં થાય, પરંતુ જ્યારે ક્રોધ તેના મનમાં નહિં સમાય તો મારૂં વ્યાખ્યાન બંધ થઈ જશે અને આ સ્પીકર વ્યવસ્થાપક મહાશયના હાથમાં હશે. તે લોકોને કહેશે કે જેમને સાંભળવું હોય, શાંતિથી સાંભળે; અને જો ન સાંભળવું હોય તો પોતાને ઘેર ચાલ્યા જાય, અહિં ઉપદ્રવ કરવાની જરૂર નથી.

જો એટલેથી પણ કામ ન ચાલે અને ઉપદ્રવ વધતો જ જાય તો તે ઉત્તેજિત થઈને આદેશ દેવા લાગશે કે સ્વયંસેવકો ! તેઓને બહાર કાઢો.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે ક્રોધાદિ ભાવોરૂપ હિંસાની ઉત્પત્તિ પહેલાં મનમાં, પછી વચનમાં અને ત્યારબાદ કાયામાં થાય છે. ભગવાન મહાવીરે વિચાર્યું

કે ચોર સાથે નિપટવા કરતાં ચોરની મા સાથે નિપટી લેવું વધારે સારૂં છે કે જેથી ચોરની ઉત્પત્તિનો જ સંભવ ન રહે. જો હિંસા મનમાં જ ઉત્પન્ન ન થાય તો પછી વાણી અને કાયામાં વિકસિત થવાનો પ્રશ્નજ ઉપસ્થિત ન થાય.

તેથી ભગવાન મહાવીર હિંસાના મૂળપર પ્રહાર કરવાનું યોગ્ય સમજ્યા. એજ કારણ છે કે તેઓ કહે છે કે આત્મામાં રાગાદિની ઉત્પત્તિ થવીજ હિંસા છે અને આત્મામાં રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થવીજ અહિંસા છે.

ભાઈ ! એકવાત આ પણ છે કે જો હિંસા એકવાર કોઈના મનમાં ઉત્પન્ન થઈ ગઈ તો પછી તે ક્યાંયને ક્યાંય પ્રગટ જરૂર થશે.

એક માસ્તર સાહેબ હતાં. જો કોઈ માસ્તર સાહેબ અહિં બેઠા હોય તો નારાજ ન થશો. એમ તો હું પણ માસ્તર જ છું. ચિંતાની કોઈ વાત નથી.

હાં, તો એક માસ્તર સાહેબ હતાં. તેઓએ તેની પત્નીને કહ્યું કે આજે રોટલી જરા જલ્દી બનાવજો, મારે નિશાળે જલ્દી જવાનું છે.

માસ્તરની પત્ની બોલી: "આજે રોટલી જલ્દી નહિં બની શકે, કારણ કે જયપુરથી એક દુબળા-પાતળા પંડિત આવેલ છે; હું તો તેમનું પ્રવચન સાંભળવા જવાની."

માસ્તર ગરમ થતાં બોલ્યા:- "હું કહીં ન સમજુ, રોટલી જલ્દી બનવી જોઈએ." બિચારી માસ્તરણી ગભરાઈ ગઈ, અરધું પ્રવચન છોડીને આવી ગઈ, જલ્દી જલ્દી રોટલી બનાવી; પરંતુ જ્યાં સુધી રોટલી બની ત્યાંસુધી માસ્તરનું માથું માસ્તરાણીની તાવડીથી પણ વધુ ગરમ થઈ ગયું હતું અને રોટલી બની ગયા બાદ પણ માસ્તર રોટલી ખાધા વગરજ નિશાળે ચાલ્યાં ગયાં.

હવે તેમજ બતાવો કે માસ્તરાણીને કેટલો ગુસ્સો આવ્યો હશે ? પ્રવચન પણ છોડવું પડ્યું અને માસ્તર પણ ભૂખ્યા ગયાં, પરંતુ શું કરે ? માસ્તર તો ચાલ્યા ગયાં, ઘરમાં તો બિચારા બાળકો હતાં, તેણે તેની ધોલાઈ શરૂ કરી દીધી.

ગુસ્સો તો માસ્તરને પણ ઓછો ન હોતો આવી રહ્યો, કારણ કે ભુખ્યા હતાને; પરંતુ નિશાળમાં ન તો માસ્તરાણી હતી અને ન તો ઘરના બાળકો, પરાયા બાળકો હતાં, તેણે તેની ધોલાઈ આરંભ કરી દીધી.

ભાઈ ! જો હિંસા એકવાર આત્મામાં - મનમાં ઉત્પન્ન થઈ ગઈ તો પછી

તે ક્યાંય ને ક્યાંય પ્રગટ જરૂર થશે, તેથી ભગવાન મહાવીરે કહ્યું છે કે વાત એવી હોવી જોઈએ કે હિંસા લોકોના મનમાં - આત્મામાં જ ઉત્પન્ન ન થાય - આ વિચાર કરીને તેઓએ હિંસા-અહિંસાની પરિભાષામાં આ કહ્યું કે આત્મામાં રાગાદિભાવોની ઉત્પત્તિ થવીજ હિંસા છે અને આત્મામાં રાગાદિભાવોની ઉત્પત્તિ ન થવીજ અહિંસા છે.

ભગવાન મહાવીરના નિર્વાણનું પચ્ચીસોમું વર્ષ હતું. સારાયે ભારતમાં નિર્વાણ મહોત્સવવર્ષનો કાર્યક્રમ ઘણાજ જોર-શોરથી ચાલી રહ્યો હતો. ભગવાન મહાવીરના ધર્મચક્ર સાથે એકહજાર યાત્રિઓને લઈને અમે પણ સારાયે દેશમાં ભગવાન મહાવીરનો સંદેશ આપતાં ફરી રહ્યા હતાં. ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમના બધા તીર્થોની ત્રણ માસ સુધી યાત્રા કરતાં કરતાં છેવટે ગુજરાતમાં પહોંચ્યા.

ત્યાંની સભામાં ભગવાન મહાવીરનો આ અહિંસા સંદેશ અમે જનતા-જનાર્દન સુધી પહોંચાડી રહ્યાં હતા ત્યારે અધ્યક્ષપદ પર બિરાજમાન મહાનુભાવ બોલ્યા:-

"એ તો ઠીક, પરંતુ આપ એ તો બતાવો કે આ હિંસા રોકાય કેમ ?"

અમે કહ્યું:- "હાં, બતાવીએ છીએ; એજ બતાવીએ છીએ. સાંભળો તો ખરા ! આ ગુજરાત પ્રાંતમાં દારૂબંધી લાગૂ છે, તોપણ લોકો દારૂ તો પીવેજ છે. હવે તેમજ બતાવો કે આ દારૂબંધી સફળ કેમ થાય ?"

અમે અમારી વાતને વિસ્તારથી કહી કે :-

"એક ઉપાય તો એ છે કે બજારમાં કોઈ વ્યક્તિ દારૂ પીને ડોલતી હોય તો પોલીસવાળા તેને પકડે - બે ચાર તમાચા મારે, ખીસામાં દસ-વીસ રૂપીયા હોય તો તે છીનવીને છોડી મુકે; તો શું દારૂબંધી સફળ થઈ જશે ?"

"નહિં, કદીપણ નહિં"

"તો શું કરવું પડશે ?"

"જ્યાં સુધી તે હોટલો પર છાપા નહિં મારે, જે હોટેલોમાં આ ગેરકાયદેસર દારૂ વેચાતો હોય છે, ત્યાં સુધી સફળતા મળવી અસંભવ છે."

"હાં, આ વાત તો બરાબર છે, પરંતુ પોલીસ તે હોટલોપર છાપા મારે, દસ-વીસ બાટલી દારૂ મલે, ભાગ-બટાઈ કરી તે પી જાય અને બસો-ચારસો રૂપીયા લઈને તેને છોડી મૂકે તો પણ શું દારૂબંધી સફળ થઈ જશે ?"

''નહિં, એથી પણ કંઈ થવાનું નથી.''

''તો શું કરવું પડશે ?''

''જ્યાં સુધી તે અડ્ડાઓને બરબાદ નહિં કરાય, નષ્ટ-નાબુદ નહિં કરાય, જે અડ્ડાઓપર ચોરી છુપીથી આ ગેરાકાયદે દારૂ બને છે, ત્યાંસુધી સફળતા મળવી અસંભવ જ છે; કારણ કે જો અડ્ડાઓપર દારૂ બનશે તો માર્કેટ (બજાર)માં આવશે, આવશે, અવશ્ય આવશેઃ જશે ક્યાં ? જ્યારે માર્કેટમાં આવશે તો લોકોના પેટમાં પણ જશે, નહિં તો જશે કયાં ? જ્યારે લોકોના પેટમાં જશે તો તેમના માથામાં પણ ભમરાશે જ.

જો આપણે ઈચ્છિએ કે દારૂ લોકોના માથામાં ન ઘુમરાય તો આપણે ગોઠવણ કરવી પડશે કે તે લોકોના પેટમાં ન આવે; જો આપણે ઈચ્છિએ કે દારૂ લોકોના પેટમાં ન જાય તો આપણે ગોઠવણ કરવી પડશે કે તે બનેજ નહિં. ભાઈ ! આટલું કર્યા વિના કામ નહિં ચાલે.

આ પ્રકારે જો આપણે ઈચ્છીએ કે આપણાં જીવનમાં હિંસા પ્રગટેજ નહિં તો આપણે તેને આત્માના સ્તર (પડ) પર, મનના સ્તર પરજ રોકવી પડશે; કારણકે જો આત્માના અથવા મનના સ્તર પર હિંસા ઉત્પન્ન થઈ ગઈ તો તે વાણી અને કાયાના સ્તર પર પ્રગટ થશે જ.

એક કારણ છે કે ભગવાન મહાવીરની વાતના તળીએ જઈને વાત કરીએ છીએ અને કહીએ છીએ કે જો હિંસાને રોકવી છે તો તેને આત્મા અને મનના સ્તર પરજ રોકવી પડશે. જ્યાં સુધી લોકોના દિલ સાફ નહિં હોય, ત્યાંસુધી લોકોના આત્મામાં નિર્મળતા નહિં થાય, ત્યાં સુધી હિંસાના અવિરત-પ્રવાહને રોકવો સંભવ નહિ બને.

આ વાત તો એ થઈ કે હિંસા-અહિંસાની પરિભાષામાં 'આત્મા' શબ્દનો ઉપયોગ કર્યો છે ? પણ અત્યારે વાત એ છે કે ભગવાન મહાવીર અહિં રાગાદિ ભાવોની ઉત્પત્તિને જ હિંસા કહી રહ્યાં છે.

ભાઈ ! જે રાગભાવ એટલે કે પ્રેમભાવને આખું જગત અહિંસા માની બેઠું છે. ભગવાન મહાવીર તે રાગભાવને જે હિંસા બતાવે છે. વાત જરા ખતરનાક છે, એથી સાવધાનીથી સાંભળવાની આવશ્યકતા (જરૂર) છે.

જૈનદર્શનમાં સિદ્ધ કરેલ અહિંસાની આ વિશેષતાનું કારણ એ કહેવાય છે કે અન્ય દર્શનોની અહિંસા જ્યાં સમાપ્ત થાય છે, જૈનદર્શનની અહિંસા ત્યાંથી આરંભ થાય છે.

સારી દુનિયા કહે છે કે પ્રેમથી રહો અને મહાવીર કહે છે કે આ પ્રેમ - આ રાગ પણ હિંસા છે. છે ને વાત અદ્દ્ભુત ! પરંતુ માથું હલાવવાથી કામ નહિં ચાલે, વાત તો ઊંડાણથી સમજવી પડશે. ન તો આ વાતથી અસહમત થઈ ઉપેક્ષા (અવગણના) કરવાથી જ વાત બનશે અને ન તો વિના સમજે સ્વીકાર કરવાથી થોડુંક થવાનું છે. વાત તો ઘણીજ ધીરજથી ઊંડાણથી સમજવી પડશે.

સાંભળો ! ડૉક્ટર બે પ્રકારના હોય છે - કલમના અને મલમના. શોધ-ખોળ કરવાવાળા પી.એચ.ડી. વગેરે કલમના ડૉક્ટર છે અને ઓપરેશન કરવાવાળા મલમના ડૉક્ટર છે.

જ્યારે કોઈ મલમના ડૉક્ટર કોઈ દર્દીનું ઓપરેશન કરે છે તો દર્દી હોય છે એક અને ડૉક્ટર હોય છે ઓછામાં ઓછા બે તથા ચાર નર્સો પણ સાથે હોય છે; દર્દી રહે છે બેહોશ અને ડૉક્ટર રહે છે હોશમાં તેથી ઓપરેશન વખતે જો દર્દી મરી જાય તો સંપૂર્ણ જવાબદારી એક પ્રકારે તો ડૉક્ટરની જ હોય છે; પરંતુ જ્યારે વાણીના, ડૉક્ટર ઑપરેશન કરે છે તો ડૉક્ટર હોય છે એકલા અને દર્દી હોય છે હજાર-બેહજાર દસ-પાંચ હજાર પણ હોઈ શકે છે; ડૉક્ટરની સાથે દર્દીપણન પુરા હોશમાં રહે છે. તેથી જો કોઈ નુકશાન થાય તો દર્દી અને ડૉક્ટર બન્નેની એકસરખી જવાબદારી રહે છે.

ડૉક્ટર કોઈ દર્દીનું ઓપરશેન કરી રહ્યાં હોય; દર્દીની બેહોશી એટલી ઘેરી ન હોય, જેટલું ગંભીર ઓપરેશન થઈ રહ્યું છે - આવી સ્થિતિમાં કદાચ દર્દીને ઓપરેશનની વચ્ચેજ હોશ આવી જાય તો શું થાય ? વિચાર્યું છે કયારે પણ આપે ?

જો દર્દી ડરપોક હશે તો ઓપરેશનના ટેબલ ઉપરથી ભાગવાની કોશિશ કરશે અને જો ક્રોધી હશે તો ડૉક્ટરને પણ ભગાડી શકે છે; પરંતુ ધ્યાન રાખો - આવી હાલતમાં ગમે તો દર્દી ભાગે, ગમે તો ડૉક્ટરને ભગાડે, મરશે તો દર્દીજ, ડૉક્ટર મરવાનો નથી, તેથી ભલું એમાં છે કે જે પણ થાય, ત્યાં સુધી ચુપચાપ સુતા રહેવામાં જ દર્દીને લાભ છે, જ્યાં સુધી ઓપરેશન થઈને ટાંકા ન લેવાઈ જાય; લેવાયજ ન જાય, પરંતુ લાગીને, સુકાયને ડૉક્ટર દ્વારા ખોલવામાં ન આવે.

ભાઈ ! આ કહીને કે રાગાદિભાવોની ઉત્પત્તિ જ હિંસા છે, પ્રેમભાવ પણ હિંસાજ છે. મેં તમો બધાના પેટ ચીર્યા છે. આ સાંભળીને કોઈને અરૂચિ ઉત્પન્ન થઈ શકે છે, કોઈને ક્રોધ પણ આવી શકે છે, કોઈ સભા છોડીને પણ જઈ શકે છે, કોઈ તાકાતવાળો મારૂં બોલવાનું પણ બંધ કરાવી શકે છે; પરંતુ ધ્યાન રાખો ગમે તો આપ ભાગો, ગમે તો મને ભગાડો; નુકશાન આપનુંજ થશે, મારૂં નહિં.

તેથી ભલું એમાં છે કે હવે આપ ચુપચાપ શાંતિથી ત્યાંસુધી બેઠા રહો, જ્યાંસુધી કે વાત પુરી રીતે ચોકખી ન થઈ જાય, સ્પષ્ટ ન થઈ જાય.

હાં, તો ભાઈ ! વાત આ છે કે મહાવીર રાગભાવને-પ્રેમભાવને પણ હિંસા કહે છે. ભાઈ ! જેને તું પ્રેમથી રહેવાનું કહે છે, શાંતિથી રહેવાનું કહે છે, તે પ્રેમજ તો અશાંતિનો વાસ્તવિક (ખરેખર) જનક (પિતા) છે, હિંસાનું મૂળ છે.

એ તો આપ જાણોજ છો કે દુનિયામાં સર્વાધિક દ્રવ્યહિંસા યુદ્ધોમાંજ થાય છે અને યુદ્ધ ત્રણ કારણોથી જ થતું રહે છે. તે ત્રણ કારણ છે:- જર, જોરૂ અને જમીન. જર એટલે રૂપીયા-પૈસા, ધન-સંપત્તિ, જોરૂ એટલે પત્ની-સ્ત્રી અને જમીન તો આપ જાણોજ છો.

રામાયણનું યુદ્ધ જોરૂને કારણે થયું હતું. રામની જોરૂ (પત્ની) ને રાવણ હરણ કરીને લઈ ગયો અને રામાયણનું પ્રસિદ્ધ યુદ્ધ થઈ ગયું.

આ પ્રકારે મહાભારતનું યુદ્ધ જમીનને કારણ થયું હતું.

પાંડવોએ કૌરવોને કહ્યું:-

"જો આપ અમને પાંચ ગામ પણ આપશો તો અમે અમારૂં કામ ચાલવી લેશું"

પરંતુ કૌરવોએ ઉત્તર દીધો:- "વિના યુદ્ધ તો સોયની અણી બરાબર પણ જમીન નહિ મળી શકે."

બસ પછી શું થયું ? મહાભારત મચી ગયું.

પૈસાને કારણે પણ યુદ્ધ થાય છે - આ વાત સિદ્ધ કરવાને માટે પણ શું પુરાણોની કથાઓ ગોતવી પડશે, ઈતિહાસના પાના ઉથલાવવા પડશે, ખાસ કરીને વ્યાપારીઓની સભામાં, જેમની બધી લડાઈઓ પૈસાની પાછળજ થાય છે, જેનો અસલી સિદ્ધાંત છે કે ચમડી તુટે પણ દમડી ન છુટે ?

ભાઈ ! આ તમારી જ વાત નથી. આજે તો સારી દુનિયાજ વ્યાપારી થઈ

ગઈ છે, ડૉક્ટરી જેવું સેવાનું કામ પણ આજે વ્યાપાર થઈ ગયું છે. ધર્મના નામ પર પણ અનેક દુકાનો ખુલી ગઈ છે.

આજે તો બધી લડાઈઓ વ્યાપારને માટેજ લડાય છે. એક દેશ બીજા દેશપર આક્રમણ પણ તે દેશમાં પોતાનો વ્યાપાર સ્થાપિત કરવાને માટેજ કરે છે. મોટો દેશ નાના દેશને હથિયાર વેંચવા માટે તેને આસપાસ ભીડાવી રહ્યો છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે જગતમાં જેટલા પણ યુદ્ધ થાય છે, તે ઘણું કરીને જર, જોરૂ અને જમીનને કારણેજ થાય છે.

હવે હું તમોને જ પુછું છું કે જર, જોરૂ અને જમીન ને કારણ જે યુદ્ધ થાય છે; તે જર, જોરૂ અને જમીનના પ્રતિ રાગને કારણે થાય છે કે દ્વેષને કારણે ?

આ વાત તો હાથમાં રાખેલ આંબળાની જેમ સ્પષ્ટ છે કે જર, જોરૂ અને જમીનના પ્રત્યે રાગના કારણેજ યુદ્ધ થાય છે, દ્વેષને કારણે નહિં. રામાયણના યુદ્ધના સંદર્ભમાં વિચાર કરીએ તો શ્રી રામચંદ્રજીને તો મહારાણી સીતા સાથે અગાધ સ્નેહ (રાગ) હતો જ, પરંતુ રાવણને પણ દ્વેષ ન હતો. જો દ્વેષ હોત તો તે સીતાજીનું હરણ ન કરત, તેને ઘર ન લઈ જાત, બધા પ્રકારની સુવિધાઓ પ્રદાન ન કરત, પોતાને સ્વીકાર કરવાને માટે પ્રાર્થનાઓ ન કરત અને આ પ્રકારના પ્રલોભન ન દેત કે તમે મારો સ્વીકાર કરો, હું તમને પટરાણી બનાવીશ, મંદોદરીથી પણ અધિક સન્માન દઈશ.

આ બધું તેના રાગને જ સૂચિત કરે છે, દ્વેષને નહિં. આ પ્રકારની પ્રવૃત્તિ રાગનુંજ પરિણામ હોઈ શકે છે, દ્વેષનું નહિં.

જોકે આ સત્ય છે કે રાવણનો આ પ્રેમ વાસનાજન્ય પરસ્ત્રી-પ્રેમ હોવાથી સર્વથા અનુચિત છે; પરંતુ છે તો પ્રેમજ, રાગજ, તેથી સહજ જ સિદ્ધ છે કે રામાયણનું યુદ્ધ નારીના પ્રતિ પ્રેમના કારણે જ થયું હતું, નારીના પ્રત્યે રાગના કારણે જ થયું હતું.

આ પ્રકારે કૌરવોને તો જમીન રાગ હતોજ, પરંતુ પાંડવોને પણ જમીન પર રાગજ હતો, દ્વેષ નહિં, નહિં તો તે પાંચ ગામ પણ કેમ માંગે ?

આ ઉપર આપ કહી શકો છો કે તમે શું વાત કરો છો, તે બિચારાં રહેત

ક્યાં ? પરંતુ હું કહું છું કે રહેવાને માટે ગામની શું આવશ્યકતા છે ? મારી પાસે તો એક ઈંચ જમીન પણ નથી, પરંતુ હું તો ઘણા આરામથી રહું છું, તેને ગામોની શું આવશ્યકતા હતી ? વનવાસના સમયમાં પણ તો તે બાર વર્ષ સુધી ગામો વિના રહ્યાં હતાં, આખરે હવે શું આવશ્યકતા આવી પડી હતી, જો ગામ માંગવા લાગ્યા અને ન મળવા પર યુદ્ધપર ઉતરી ગયાં ?

પણ ભાઈસાહેબ ! સાચી વાત તો આ છે કે તેઓના મનમાં પણ રાગ હતો કે સમ્રાટ ચક્રવર્તી નહિં, પાંચ ગામના જમીનદાર તો બની જશું.

'આ પ્રકારે આપણે જોઈએ છીએ કે મહાભારતની લડાઈ પણ જમીન પ્રત્યે રાગને કારણેજ લડાઈ હતી.

પૈસાની પાછળ જે લડાઈઓ થાય છે, તે પણ પૈસાના પ્રત્યે રાગને કારણેજ થાય છે, દ્વેષને કારણે નહિં.

એથી આ સહજ જ સિદ્ધ થાય છે કે યુદ્ધોમાં થવાવાળી સર્વાધિક દ્રવ્યહિંસાના મૂળમાં રાગજ કાર્ય કરે છે. આજ કારણ છે કે ભગવાન મહાવીરે રાગાદિભાવોની ઉત્પત્તિને હિંસા કહી છે અને રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થવાને અહિંસા ઘોષિત કરી છે.

માત્ર યુદ્ધોમાં થવાવાળી હિંસાજ નહિં, બલ્કે ખાન-પાન અને ભોગવિલાસમાં થવાવાળી હિંસાના મૂળમાં પણ મુખ્યરૂપથી રાગ જ કાર્ય કરે છે. માંસભક્ષી લોકો એજ પ્રાણીનું માંસ ખાય છે, જેનું માંસ તેને સારૂં લાગે છે. પ્રિય ભોજનમાં પ્રાણીઓનો સહજ અનુરાગજ દેખાય છે, દ્વેષ નહિં. અભક્ષ્ય પદાર્થોના ભક્ષણના મુળમાં પણ લોલુપતા એટલે કે રાગજ કાર્ય કરે છે.

લોક વ્યર્થજ કહે છે કે બિલાડીને ઉંદર સાથે જન્મ-જાત વેર છે, પણ આ કેમ સંભવે છે ? શું કોઈને પોતાની પ્રિય આરોગવાની સામગ્રી સાથે પણ વેર હોય છે ? બિલાડી તો ઉંદરને ઘણા ચાહથીજ ખાય છે. આપજ બતાવો, શું આપને શુદ્ધ, સાત્વિક, પ્રિય આહારથી દ્વેષ છે, કે આપ તેને ચાવીને ખાઈ જાવ છો ?

ભાઈ ! જે પ્રકારે આપ આપને યોગ્ય શુદ્ધ, સાત્વિક, પ્રિય ખાવાલાયક પદાર્થોને પ્રેમથી ખાવ છો; તે પ્રકારે બધા પ્રાણી પોતપોતાની ભોજન-સામગ્રીને રાગવશજ ભોગવે છે.

એથી આ સહજ સિદ્ધ થાય છે કે ખાન-પાન સંબંધી હિંસામાં પણ રાગજ મૂળ કારણ છે.

આ પ્રકારે પાંચેય ઈન્દ્રિયોના ભોગ પણ રાગના કારણેજ ભોગવાય છે. ક્રૂરમાં ક્રૂર હિંસાથી ઉત્પન્ન શ્રૃંગાર-સામગ્રીના ઉપયોગના મૂળમાં પણ રાગજ કાર્ય કરતો દેખાય છે. જીવતા પશુઓની ચામડી ઉતારીને બનાવેલ ચામડાની વસ્તુઓનો ઉપયોગ પણ અજ્ઞાની જીવ પ્રેમથીજ કરે છે, તેના પ્રત્યે આકર્ષણનું કારણ રાગજ છે.

ભાઈ ! વધારે શું કહીએ ? એકલી હિંસાજ નહિ, પાંચેય પાપોનું મૂળ કારણ એકમાત્ર રાગભાવજ છે. લોભરૂપ રાગને કારણજ લોકો જુઠું બોલે છે, ચોરી કરે છે, પરિગ્રહ જોડે છે.

જુઠું બોલીને લોકોને ઠગવાવાળા લોકો પૈસાને પ્રત્યે મમતાને કારણેજ એવું કરે છે. ચોર શેઠજીની તિજોરી, તેમાં રાખેલ પૈસાના લોભને કારણજ તોડે છે, શેઠજીના પ્રત્યે દ્વેષને કારણ નહિં. જો તેને શેઠ ઉપર દ્વેષ હોત તો તે શેઠજીની તિજોરી ન તોડત. ખોપરી ખોલત. આ પ્રકારે સમસ્ત બાહ્ય પરિગ્રહ જોડવાના મૂળમાં બાહ્ય વસ્તુઓ પ્રત્યેનો રાગજ કાર્ય કરે છે.

માતા-બહેનોની ઈજ્જત પણ રાગીજ લુંટે છે, દ્વેષી નહિં. ઈતિહાસ ઉઠાવીને જોઈ લો, આજસુધી જેટલી પણ માતા-બહેનોની ઈજ્જત લુંટાઈ છે, તે રાગીઓએજ લુંટી છે, દ્વેષીઓએ નહિં. આપ દરરોજ સવારમાં સમાચાર પત્ર વાંચો છો. તેમાં આ લખેલ તો મળે છે કે એક ગોરી-ધોળી સુંદર યુવતી ક્રીમ-પાવડર લપેટી, તંગ વસ્ત્ર પહેરી, હંસતી-ખેલતી પતંગીયા જેવી બનીઠની બજારમાં જઈ રહી હતી તો કેટલાક કોલેજના છોકરાઓએ તેની છેડ-છાડ કરી, પરંતુ આપે આ કયારેય નહિં વાંચ્યું હોય કે એક કાળી-કુબડી, સફેદ વાળવાળી, ઘૃણાસ્પદ-ગંદી યુવતી રડતી-રડતી સડકપર જઈ રહી હતી અને તેની કોઈએ છેડ-છાડ કરી.

ભાઈ ! છેડ-છાડને પાત્ર પણ એજ થાય છે, જેને જોઈને આપણને રાગ ઉત્પન્ન થાય.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે પાંચેય પાપોનો મૂળ પાયો એકમાત્ર રાગભાવજ છે. આજ કારણ છે કે કવિવર પંડિત દૌલતરામજી છ ઢાળામાં લખે છે:-

"યહ રાગ આગ દહે સદા તાતેં સમામૃત સેઈએ ।
ચિર ભજે વિષય-કષાય અબ તો ત્યાગ નિજ પદ બેઈએ ।"

ભાઈ ! આ રાગ તો એવી આગ છે, જે સદા જલાવેજ છે. જે પ્રકારે આગ ઠંડીમાં જલાવે છે, ગરમીમાં જલાવે છે, દિવસે જલાવે છે, રાતમાં જલાવે છે, હંમેશાં જલાવતીજ રહે છે. તે પ્રકારે આ રાગ પણ હંમેશાં દુખજ આપે છે.

આગ ચાહે તો લીમડાની હોય, ચાહે તો ચંદનની; પરંતુ આગ તો જલાવવાનું કામ કરે છે. એવું નથી કે લીમડાની આગ દઝાડે અને ચંદનની આગ ઠંડક પહોંચાડે. ભાઈ ચંદન ભલેને શીતળ હોય, શીતળતા પહોંચાડતી હોય; પરંતુ ચંદનની આગ તો દઝાડવાનું જ કામ કરશે. ભાઈ ! આગ તે આગ છે; તેનાથી કોઈ તફાવત નથી પડતો કે તે લીમડાની છે કે ચંદનની.

આ પ્રકારે રાગ ચાહે તો પોતાના પ્રતિ હોય કે પારકા પ્રત્યે હોય; ચાહે તો ભલાં લોકો પ્રત્યે હોય અથવા ભૂરાં લોકો પ્રત્યે હોય; પરંતુ છે તો આ હિંસાજ, ખરાબ જ. એવું નથી કે આપણાં પ્રત્યે થવાવાળો રાગ સારો હોય અને પારકાં પ્રત્યે થવાવાયો રાગ ખરાબ હોય અથવા સારાં લોકો પ્રત્યે થવાવાળો રાગ સારો હોય અને ખરાબ લોકો પ્રત્યે થવાવાળો રાગ ખરાબ હોય. સારા લોકો પ્રત્યે પણ કરેલો રાગ તો હિંસા હોવાથી ખરાબજ છે.

ભાઈ ! આ વાતને સારી રીતે સમજવી જોઈએ. ભગવાન મહાવીરની આ અદ્‌ભુત વાત જૈનદર્શનનું અનોખું અનુસંધાન (શોધખોળ) છે. જ્યાંસુધી આ વાતને ઉંડાણથી નહિં સમજવામાં આવે, ત્યાં સુધી મહાવીરની અહિંસા સમજમાં આવવી સંભવ નથી.

ભાઈ ! ભગવાન મહાવીરે રાગાદિભાવોની ઉત્પત્તિ માત્રને હિંસા બતાવીને એક અદ્‌ભૂત રહસ્યને ખુલ્લું (ઉદ્‌ઘાટન) કર્યું છે. આપણી જુની માન્યતાઓને એક બાજુ રાખીને પવિત્ર હૃદયથી જો સમજવાનો પ્રયાસ કરાય તો આ અદ્‌ભૂત રહસ્યોને પણ સમજી શકાય છે, મેળવી શકાય છે, અપનાવી શકાય છે. અને જીવન જીવી પણ શકાય છે.

જો આપણે આ કરી શકીએ તો સહજ સુખ-શાંતિને પણ સહજ જ ઉપલબ્ધ કરીશું, એમાં કોઈ સંદેહ નથી.

રાગ સિવાય દ્વેષાદિના કારણે પણ જે હિંસા થતી દેખાય છે, તેના પણ મૂળમાં જઈને જોઈએ તો તેનું કારણ પણ રાગજ દૃષ્ટિગોચર થશે.

આપણે આ વાત પર ઉંડાણથી વિચારીએ કે જે દ્વેષને કારણે આ દ્રવ્યહિંસા થઈ છે, તે દ્વેષ કયા કારણથી ઉત્પન્ન થયો હતો, તો સ્પષ્ટ પ્રતીત થશે કે જે વ્યક્તિ સાથે આપણને રાગ હતો, તેના પ્રતિ અસદ્દ્વ્યવહારને કારણે અથવા જે વસ્તુ સાથે આપણને અનુરાગ (પ્રેમ) હતો, તે વસ્તુની પ્રાપ્તિમાં બાધક (અડચણ) થવાને કારણેજ તે દ્વેષ ઉત્પન્ન થયો હતો.

જો કોઈ વ્યક્તિ આપણા પરોપકારી ગુરુની નિંદા કરે છે અથવા આપણાપર સર્વસ્વ લુંટાવી દેનાર મા-બાપ સાથે અસદ્દ્વ્યવહાર કરે છે તો તે વ્યક્તિ સાથે આપણને સહજ જ દ્વેષભાવ થઈ જાય છે. જો તે વ્યક્તિના પ્રત્યે આપણાથી કોઈ હિંસાત્મક વ્યવહાર થાય છે તો તેને આપણે દ્વેષમૂલક હિંસા કહેશું; પરંતુ ઉંડાણમાં જઈને વિચાર કરો તો સ્પષ્ટ જ પ્રતીત થશે કે આપણા આ હિંસાત્મક વ્યવહારની પાછળ તે રાગજ કાર્ય કરી રહેલ છે, જે આપણા હૃદયમાં આપણા ગુરુ અથવા માતા-પિતા પ્રત્યે વિદ્યમાન છે.

આ રીતે ઉંડાણમાં જઈને વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે દ્વેષમૂલક હિંસા પણ અસલમાં રાગમૂલકજ છે.

જોકે 'રાગ' શબ્દ બહુજ વ્યાપક છે, તેમાં આત્મામાં ઉત્પન્ન થવાવાળા બધા વિકારીભાવ સમાહિત થાય છે. મિથ્યાત્વ સહિત સંપૂર્ણ મોહ, જેમાં દ્વેષ પણ સામેલ છે, તેને રાગ કહેવાય છે. તોપણ અહિં 'રાગ' શબ્દની સાથે 'આદિ' શબ્દનો પ્રયોગ કરીને દ્વેષાદિ વિકારોનો પૃથક રૂપથી પણ સંકેત આપેલ છે.

જો કોઈ કહે કે 'રાગાદિ' ના સ્થાનપર 'દ્વેષાદિ' શબ્દનો પ્રયોગ કર્યો હોત તો કોઈ વિવાદ ન રહેત; કારણકે દ્વેષને તો હિંસાનું કારણ બધા માને છે. આવી સ્થિતિમાં રાગ 'આદિ' શબ્દમાં સમાહિત થઈજ જાત. આવી રીતે અમે આપની વાત પણ રાખત અને દુનિયાને તે ખટકત પણ નહિ.

અરે, ભાઈ ! જો 'રાગ' શબ્દનો ઉલ્લેખ સ્પષ્ટ રૂપથી ન હોત તો રાગમાં ધર્મ માનવાવાળા લોકો તેને હિંસા સ્વીકારતજ નહિં; તેથી વાત અસ્પષ્ટ જ રહી જાત. આ કારણ છે કે અહિં 'રાગ' શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે અને દ્વેષાદિને 'આદિ' શબ્દમાં સમાહિત કરેલ છે. વક્ર અને જડ શિષ્ય સંકેતોની ભાષાથી નહિં સમજે, તેને માટે તો જેટલી વધારે સ્પષ્ટતા થાય, એટલી ઓછી છે.

આટલી સાવધાની રાખવા છતાં પણ લોકો એમ કહેતા જોવામાં આવે છે કે રાગનો આશય માત્ર અશુભરાગથી છે, તીવ્રરાગથી છે; શુભરાગ અને મંદરાગથી નથી.

પરંતુ ભાઈ ! આટલું તો વિચારો કે જ્યારે ભગવાન મહાવીરે હિંસાની પરિભાષામાં 'રાગ' શબ્દનો પ્રયોગ કર્યો હશે, શું ત્યારે તેને તેના વ્યાપક અર્થનું ધ્યાન નહિં રહ્યું હોય ? શું તે આ નહિં જાણતા હોય કે રાગ બે પ્રકારના હોય છે:- શુભ અને અશુભ અથવા મંદ અને તીવ્ર ?

આના ઉપર કેટલાક લોકો કહે છે કે વિષય-કષાયનો રાગ હિંસા છે - આ તો બરાબર છે, પરંતુ ધર્માનુરાગને હિંસા કેવી રીતે કહી શકાય ?

ભાઈ ! રાગ તો રાગ છે, તે કોના પ્રતિ છે - તેનાથી તેના રાગપણામાં શું અંતર પડે છે ? જે ધર્માનુરાગને તમો હિંસાની કક્ષાની બહાર રાખવા ઈચ્છો છો, તે ધર્માનુરાગે વિશ્વમાં કેટલી ખૂનની નદીઓ વહાવી છે - શું તેની જાણકારી નથી આપને ?

ઈતિહાસના પાનાં પલટાવીને તો જુવો, ધર્માનુરાગના નામ પરજ લાખો યહૂદિઓને મોતને ઘાટ ઉતારી દીધા. આપણી આંખોની સામે થવાવાળા હિંદુ-મુસલમાનોના દંગા, સિયા-સુન્નિઓના દંગા ધર્માનુરાગના જ પરિણામ છે. આઘે ક્યાં જાવ છો, દિગમ્બર-શ્વેતામ્બરોના ઝગડાઓની પાછળ પણ આ ધર્માનુરાગ કાર્ય કરે છે.

ભાઈ ! અવિવેકનું પણ કોઈ ઠેકાણું છે ? આપણે અહિંસાધર્મની રક્ષા પણ જાનની બાજી લગાવીને કરવા ઈચ્છીએ છીએ. જાનની બાજી લગાવવાથી અહિંસા-ધર્મની રક્ષા નથી થતી, હિંસા ઉત્પન્ન થાય છે. આજે આપણે આ સ્થૂલ સત્યને પણ ભૂલી રહ્યાં છીએ.

ભાઈ ! ધર્માનુરાગ ધર્મનો પ્રકાર નથી, રાગનો પ્રકાર છે; તેથી ધર્મ નથી, રાગજ છે; ધર્મ તો એક વીતરાગભાવજ છે.

ભાઈ ! ગજબ થયો છે; વીતરાગી જૈનધર્મમાં પણ આજે રાગને ધર્મ માનવા લાગ્યા છે. જ્યારે પાણીમાં જ આગ લાગે, ત્યારે શું થઈ શકે ?

ભગવાન મહાવીરતો સ્વયં વીતરાગી હતા, તે રાગને ધર્મ કેમ કહી શકે ?

ભાઈ ! જો કોઈ વીતરાગી બને છે તો સંપૂર્ણ રાગનો અભાવ કરીને જ બને છે, બધા પ્રત્યેનો રાગ તોડીનેજ બને છે; કોઈના પણ પ્રત્યે રાગ રાખીને, કેવો પણ રાગ રાખીને વીતરાગી નથી બની શકતા.

ભાઈ ! સીધીજ વાત છે કે જો વીતરાગતા ધર્મ હોય તો રાગ અધર્મ હોયજ.

આટલી સીધી-સાદી વાત પણ આપણા સમજમાં નથી આવતી. ભાઈ ! પૂર્વાગ્રહ છોડ્યા વિના આ વાત સમજમાં નથી આવી શકતી.

ભાઈ ! હું એક વાત કહું. બેટા ત્રણ પ્રકારના હોય છે. તેને આપણે આ પ્રકારે સમજીશું:-

આપ ચાર વ્યક્તિ કોઈ કામ માટે મારે ઘેર પધાર્યા. મેં આપને આદરપૂર્વક બેસાડીને મારા બેટાને અવાજ દીધો:-

''ભાઈ, પરમાત્મપ્રકાશ ! એક ગ્લાસ પાણી લાવ.'' આદત છે ને એક ગ્લાસ બોલવાની; પરંતુ ચતુર બેટો સમજે છે કે ભલેને એક ગ્લાસ કહ્યું; પરંતુ મહેમાન તો ચાર છે ને, અને એક પિતાજી પણ છે. આ પ્રકારે તે પાંચ ગ્લાસ ભરીને લાવે છે, સાથે એક ભરેલ જગ (લોટો) પણ લાવે છે; કારણ કે તે જાણે છે કે ગરમીના દિવસો છે, કોઈ બે ગ્લાસ પાણી પણ પી શકે; કંઈ દૂધ અથવા ચા તો નથી, જે માંગવામાં સંકોચ કરે.

બીજું બાળક આ છે, જે માત્ર એક ગ્લાસ જ પાણી લાવે છે. ટોકવાથી જવાબ આપે છે કે આપેજ તો કહ્યું હતું કે એક ગ્લાસ પાણી લાવ. મોટો આજ્ઞાકારી છે ને. જ્યારે એક કહ્યું હતું તો વધારે કેમ લાવી શકે ?

ત્રીજો આ છે, જે અડધો ગ્લાસ પાણીજ લાવે છે. પૂછવા પર ઉત્તર આપે છે કે ''મેં વિચાર્યું - છલકી ન જાય, ઢોળાય ન જાય.''

ભાઈ ! આપણે બધા ભગવાન મહાવીરના સંતાન છીએ. હવે જરા વિચાર કરો કે આપણે ભગવાન મહાવીરના કેવા બેટા છીએ:- પહેલાં, બીજાં અથવા ત્રીજા ?

ભગવાને કહ્યું હતું:- ''રાગાદિભાવ હિંસા છે.''

તેમના આ કથનનો હેતુ પહેલો બેટો એવો સમજે છે કે બધા પ્રકારના

શુભા-શુભ, મંદ-તીવ્ર રાગ તો હિંસા છે જ, સાથમાં દ્વેષાદિ ભાવ પણ હિંસાજ છે.

બીજો બેટો તે છે, જે કહે છે કે હું તો એકલા રાગને જ હિંસા માનીશ, કારણકે સ્પષ્ટ રૂપે તો રાગનોજ ઉલ્લેખ છે.

તેને જો આ કહેવાય કે "રાગ"ની સાથે "આદિ શબ્દનો પણ પ્રયોગ છે. તો કહે છે કે છે તો; પરંતુ આ કેમ મનાય કે આદિથી દ્વેષાદિજ લેવું, સમ્યગ્દર્શનાદિ નહિં.

ત્રીજો તે છે, જે કહે છે કે ભગવાને જો રાગને હિંસા કહી છે તો અમે અશુભરાગ-તીવ્રરાગને હિંસા માની તો લીધી. એ જરૂરી થોડુંજ છે કે અમે સંપૂર્ણ રાગને હિંસા માનીયે ! લખેલ તો એકલા રાગાદિજ છે, એવું ક્યાં લખ્યું કે બધા રાગાદિ હિંસા છે ?

હવે આપજ નક્કી કરો કે આપ ભગવાન મહાવીરના કેવા પુત્ર છો:- પહેલા, બીજા અથવા ત્રીજા ? મારે આ બારામાં કહિં નથી કહેવું. આ નિર્ણય હું આપ બધા પર છોડું છું.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે ભગવાન મહાવીરે હિંસા અને અહિંસાના સ્વરૂપના સ્પષ્ટીકરણમાં રાગ શબ્દનો પ્રયોગ બહુજ વ્યાપક અર્થમાં કર્યો છે, બધા પ્રકારના રાગતો તેમાં સમાહિત છે જ, રાગનાજ પ્રકારાન્તર (અનેક પ્રકાર)ના દ્વેષાદિ પરિણામ પણ તેમાં સમાહિત છે.

અહિં એક પ્રશ્ન સંભવ છે કે શું રાગાદિભાવની ઉત્પત્તિ માત્રથીજ હિંસા થઈ જાય છે, ગમે તેમ જીવ મરે અથવા ન મરે ? શું જીવોના મરણ સાથે હિંસાને કોઈ સબંધ નથી ?

હાં, ભાઈ ! વાત તો એવીજ છે; પરંતુ જગત તો એજ કહે છે કે જ્યાં સુધી પ્રાણીઓનો ઘાત ન થાય, જીવોનું મરણ ન થાય; ત્યાંસુધી હિંસા કેમ હોઈ શકે છે, ત્યાંસુધી હિંસાની ઉત્પત્તિ કેમ માની શકાય ? આ ભોળું જગત તો હિંસાનો સંબંધ મૃત્યુથીજ જોડે છે; પરંતુ ગંભીરતાથી વિચાર કરો તો વાત બીજીજ નજર આવે છે.

જો જીવોના મરણને હિંસા માનીએ તો પછી જન્મને અહિંસા માનવું પડશે;

કારણકે હિંસા અને અહિંસાની જેમ જન્મ અને મૃત્યુ પણ પરસ્પર વિરોધી ભાવ છે. જન્મને અહિંસા અને મરણને હિંસા માનવાપર આ વાત આપમેળે સમાપ્ત થાય છે કે આજે જગતમાં હિંસા વધારે ફેલાતી જાય છે; કારણ કે જન્મ અને મૃત્યુનું પ્રમાણ તો સદા સમાનજ રહે છે; જે જન્મે છે; તે તો મરે છે તથા જે મરે છે, તે તત્કાલ કયાંક ને કયાંક જન્મ લે છે.

આનાથી બચવાને માટે જો કોઈ કહે કે મૃત્યુનો વિરોધી જન્મ નહિં, જીવન છે; તો વાત બીજી પણ અધિક અટપટી થઈ જશે, ગુંચવાશે; કારણ કે વ્યક્તિ જીવતી તો વર્ષો સુધી રહે છે અને મરણ તો ક્ષણિક અવસ્થાનું જ નામ છે.

આ પ્રકારે મૃત્યુને હિંસા અને જીવનને અહિંસા માનવાથી અહિંસાનું પલડું ઘણું વધારે ભારે થઈ જશે, જોકે આ વાત બધા એક અવાજે સ્વીકારે છે કે આજે હિંસા ઘણીજ વધતી જાય છે.

ભાઈ ! ન જન્મ અહિંસા છે, ન જીવન અહિંસા છે; અને ન મૃત્યુ જ હિંસા છે. મૃત્યુ તો પ્રાણધારીઓનો સહજ સ્વભાવ છે, (મરણ પ્રકૃતિ શરીરીણામ) આ હિંસા કેમ હોઈ શકે ? લોકમાં હિંસકભાવ વિના થયેલ મૃત્યુને હિંસા કહેવાતી પણ નથી.

પૂર આવવાથી લાખો લોકોના મરણ થવાથી પણ કહેવાય છે કે ભયંકર વિનાશ થયો, બરબાદી થઈ, જાન-માલનું ઘણું નુકસાન થયું, પરતું એમ કયારેય નથી કહેવાતુંકે હિંસાનું તાંડવ નૃત્ય થયું. પરંતુ ઉપદ્રવોને શાંત કરવાને માટે પોલીસ દ્વારા ગોળીબાર થવા પર જો એક વ્યક્તિનું મૃત્યુ થયું. અખબારોના પ્રથમ પાનાપર મોટામોટા અક્ષરોમાં છપાય છે, જનતા ગલી ગલીમાં નારા લગાવે છે કે હત્યારી સરકાર રાજીનામું આપે. પૂરમાં થયેલ વિનાશ પર સરકારને કોઈ હત્યારા નથી કહેતું.

ભારતીય જનતા આ સત્યથી સારી રીતે પરિચિત છે, તેમના રોમે રોમમાં આ સત્ય સમાયેલ છે, તેમના અંતરમાં અહિંસા પ્રતિ એક ઉંડી શ્રદ્ધા આજે પણ વિદ્યમાન છે.

તેનું પ્રત્યક્ષ પ્રમાણ આ છે કે ભોપાલ (મ.પ્ર.)ની ગેસ દુર્ઘટનામાં હજારો લોકોના મરણ થયાં પછી પણ ત્યાં શાસક દળે બે તૃતીયાંશથી પણ વધારે બહુમત પ્રાપ્ત કર્યા; પરંતુ રાજસ્થાનમાં પોલીસની ગોળીથી એક વ્યક્તિનું મરણથવાથી મુખ્યમંત્રીને પોતાનું પદ છોડવું પડ્યું.

શ્રીમતિ ઈન્દિરા ગાંધીની પાશવી હત્યાપર જનતાની આવી પ્રતિક્રિયા રહી. ભારતીય જનતાએ તેની પાશવી હત્યા એટલે કે હિંસાની વિરૂદ્ધ ચુંટણીમાં પોતાનો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો. પરિણામસ્વરૂપ ઈન્દિરા કોંગ્રેસને અપૂર્વ વિજય પ્રાપ્ત થયો. આ સત્યથી બધા સારી રીતે પરિચિત છે કે જો શ્રીમતિ ઈન્દિરા ગાંધી સ્વયં ચુંટણી લડતી તો આટલાં બહુમત તેને પણ મળવાના ન હતા.

ખરેખર આ ઈન્દિરા કોંગ્રેસ અથવા શ્રી રાજીવ ગાંધીની જીત નહિં, હિંસાની વિરૂદ્ધ અહિંસાની જીત છે. ભારતીય જનતાએ સ્પષ્ટ રૂપથી હિંસાની વિરૂદ્ધ અહિંસાના પક્ષમાં પોતાનો મત વ્યક્ત કર્યો છે.

આનાથી પ્રતીત થાય છે કે ઘણાંજ ઉંડાણમાં જઈને ભારતીય જનતા આજે પણ ભગવતી અહિંસાની આરાધક છે, તેની રગ-રગમાં ભગવતી અહિંસા તે પ્રકારે સમાયેલ છે, જે પ્રકારે તલમાં તેલ અને દૂધમાં ઘી.

પ્રાકૃતિક (સ્વાભાવિક) વિનાશ ભારતીય જનતાના ચિત્તને કરૂણાથી પીગળાવે છે, તેમાં એક સંવેદના પેદા તો કરે છે; પરંતુ તે તેના ચિત્તને ઉત્તેજિત નથી કરતું, આંદોલિત નથી કરતું; પરંતુ બુદ્ધિપૂર્વક કરેલ હિંસાથી તે આંદોલિત થઈ જાય છે, ઉત્તેજિત થઈ જાય છે, તે ભડકી ઉઠે છે.

હત્યાઓના પ્રતિ આ આક્રોશ ભારતીય જનતાની અહિંસામાં ઉંડી શ્રદ્ધાને જ વ્યક્ત કરે છે.

ભારતીય જનતાની અહિંસાની પ્રતિ ગહેરી (ઉંડી) સમજ અને, દઢ શ્રદ્ધાને સમજવાને માટે આપણે તેના અંતરમાં ઉતરવું પડશે, તેના વ્યવહારનો બારીકીથી અભ્યાસ કરવો પડશે; ઉપર ઉપરથી જોવાથી કામ નહિં ચાલે.

મહાવીર ભારતીય જનતાના અંતરમાં સમાહિત થઈ ગયાં છે. ભારતીય જનતા પર તેની પકડ બહુજ ઘેરી છે.

ભાઈ ! મૃત્યુ વિનાશ થઈ શકે છે; હત્યા નહિં, હિંસા નહિં. સરકારી કાયદો પણ આ વાતને સ્વીકાર કરે છે. કોઈ વ્યક્તિને કોઈને જાનથી મારવાને ઈરાદે ગોળી ચલાવી, પરંતુ ભાગ્યથી જો તે ન મરે, બચી પણ જાય; તોપણ ગોળી મારવાવાળો તો હત્યારો થાયજ છે; પરંતુ બચાવવાના અભિપ્રાયથી ઓપરેશન કરવાવાળા ડૉકટરથી ગમેતેમ દર્દી ઓપરેશનના ટેબલ ઉપરજ કેમ નથી મરી જતો; પરંતુ ડૉકટર હત્યારો નથી કહેવાતો, નથી મનાતો.

જો મૃત્યુને જ હિંસા માનવામાં આવે તો પછી ડૉક્ટરને હિંસક તથા મારવાના ઈરાદાથી ગોળી ચલાવનારને હિંસ્ય વ્યક્તિના ન મરવા પર અહિંસક માનવું થશે, જે ન તો બરાબર છે અને ન તેને અહિંસક માની શકાય છે. એનો અભિપ્રાય આ છે કે હિંસાનો સંબંધ મૃત્યુના થવા અથવા ન થવાથી નથી; હિંસક ભાવોના સદ્‌ભાવથી છે.

માની લો, હું કોઈ સ્થાનપર આ પ્રકારે વ્યાખ્યાન આપી રહ્યો છું. સામેથી કોઈએ પત્થર માર્યો, તે પત્થર મારા કાન પાસેથી સનસનાટી કરતો નીકળી ગયો.

મેં તેને કહ્યું:- ''ભાઈ ! આ શું કરો છો, હમણાં મારૂં માથુ ફુટી જાત તો....?''

તે અકોડાઈથી કહેવા લાગ્યો:- ''ફુટ્યું તો નથી; ફુટી જાય, ત્યારે કહો...?''

મેં સમજાવતાં કહ્યું:- ''ભાઈ ! ત્યારે શું કહે ? ત્યારે તો હોસ્પીટલ ભાગત''

ભાઈ ! અજ્ઞાની સમજે છે કે હિંસા ત્યારે થાય, જ્યારે માથું ફુટી જાય; પરંતુ હું આપનેજ પુછું છું કે શું હિંસા મારા માથામાં ભરી છે, જે તેના ફૂટ્યા પર નીકળશે ? હિંસા મારા માથામાં ઉત્પન્ન થઈ હતી કે તેના હૃદયમાં ઉત્પન્ન થઈ છે ? હિંસા તો તેના હૃદયમાં તે જ સમયે ઉત્પન્ન થઈ ગઈ હતી, જ્યારે તેણે મારવાને માટે પત્થર ઉઠાવ્યો હતો.

હિંસાની ઉત્પત્તિ હિંસકના હૃદયમાં થાય છે, હિંસકના આત્મામાં થાય છે, હિંસ્યમાં નહિં - આ વાતને આપણે સારી રીતે સમજી લેવી પડશે. હત્યાના માધ્યમથી ઉત્પન્ન મૃત્યુને દ્રવ્યહિંસા કહે છે, પરંતુ સહજ મૃત્યુને તો દ્રવ્યહિંસા પણ નથી કહેતા. ભાવહિંસાપૂર્વક થયેલ પરઘાત જ દ્રવ્ય હિંસા માનવામાં આવે છે, ભાવહિંસા વિના કોઈપણ પ્રકારનું મૃત્યુ દ્રવ્યહિંસા નામ નથી પામતું.

જ્યારે કોઈ વ્યક્તિ હિંસાનો નિષેધ કરે છે, હિંસાની વિરૂદ્ધ વાત કરે છે તો તેના અભિપ્રાયમાં ભાવહિંસા જ અપેક્ષિત હોય છે, કારણકે અહિંસક જગતમાં મૃત્યુને નહિં, હત્યાઓના અભાવની જ અપેક્ષા રહે છે.

ભાઈ ! અહીંતો એનાથી પણ વધારે આગળની વાત છે. અહિં માત્ર મારવાના ભાવને જ હિંસા નથી કહી રહ્યાં, પરંતુ બધા પ્રકારના રાગભાવને હિંસા બતાવી છે, જેમાં બચાવવાનો ભાવ પણ શામેલ છે.

આના સંદર્ભમાં વિશેષ જાણવાને માટે મારો ''અહિંસા''[1] નામનો નિબંધ વાંચવો જોઈએ.

ભાઈ ! બીજાને મારવાનો બચાવવાનો ભાવ તેના સહજ જીવનમાં હસ્તક્ષેપ (દખલ) છે. સર્વપ્રભુતાસંપન્ન આ જગતમાં બીજાના જીવન-મરણમાં દખલ કરવી અહિંસા કેમ માની શકાય ? અનાક્રમણની સમાન અહસ્તક્ષેપની ભાવના પણ અહિંસાથી પૂરી રીતે સમાહિત છે. જો બીજાઓ પર આક્રમણ હિંસા છે તો તેના કાર્યોમાં હસ્તક્ષેપ પણ હિંસાજ છે, તેની સર્વપ્રભુતાસંપન્નતાનો અનાદર છે, અપમાન છે.

ભગવાન મહાવીરના અનુસાર પ્રત્યેક આત્મા સ્વયં સર્વપ્રભુતાસંપન્ન દ્રવ્ય છે; પોતાના સારાં-નરસાની સંપૂર્ણ ઉત્તરદાયિત્વ (જવાબદારી, સ્વયં તેની છે; તેમાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ વસ્તુસ્વરૂપને સ્વીકાર્ય નથી. આ પરમ સત્યનો સ્વીકાર જ ભગવતી અહિંસાની સાચી આરાધના છે. ભગવતી અહિંસા ભગવાન મહાવીરની સાધનાની ચરમ ઉપલબ્ધિ છે, તેની પાવન દિવ્યધ્વનિનું નવનીત (માખણ) છે, જન્મ-મરણનો અભાવ કરવાવાળું રસાયણ છે, પરમ-અમૃત છે.

ભાઈ ! જો સુખી થવું છે તો આ પરમામૃતરસનું પાન કરો, આ પરમરસાયણનું સેવન કરો.

જ્યારે અમે આ પરમામૃત પાનની પાવન પ્રેરણા આપીએ છીએ તો કેટલાક લોક કહેવા લાગે છે:-

''આપની વાત તો બહુજ સારી છે, પરંતુ એકલા અમારે અહિંસક થવાથી શું થવાનું છે, કારણકે એકલા ચણા તો ભાડભૂંજો પણ ફોડી નથી શકતો. તેથી પહેલાં સારી દુનિયાને આ અહિંસા સમજાવો, સ્વીકાર કરાવો, પછી અમે પણ સ્વીકાર કરી લેશું.''

અમારૂં તેમને કહેવાનું આ છે કે ભાઈ ! અહિંસા તો અમૃત છે; જે આ અમૃતના પ્યાલાને પીશે, તે અમર થશે, સુખી થશે, શાંત થશે.

ભાઈ ! આ પાવન અહિંસાને જો વ્યક્તિ અપનાવશે તો વ્યક્તિ સુખી થશે, પરિવાર અપનાવશે તો પરિવાર સુખી થશે, સમાજ અપનાવશે તો સમાજ સુખી થશે અને દેશ અપનાવશે તો દેશ સુખી થશે.

---

૧. તીર્થંકર મહાવીર અને તેના સર્વોદય તીર્થ પાનાં ૧૦૫

તેથી બીજાના ઉપર ટાળવાની અપેક્ષા ''ભલા કામનો આરંભ પોતાના ઘરથી જ કરવો જોઈએ'' કે લોકોત્તિને અનુસાર આપણે અહિંસાને સાચા દિલથી સમજીએ અને જીવનમાં અપનાવવાનું કાર્ય સ્વયંથીજ આરંભ કરી દેવું જોઈએ.

વધારે શું કહીએ ? ભાઈ, બધા પ્રાણી ભગવાન મહાવીર દ્વારા પ્રતિપાદિત આ અહિંસા સિદ્ધાંતને ઉંડાણથી સમજે; માત્ર સમજે જ નહિં, જીવનમાં અપનાવે અને સહજ સુખ-શાંતિને પ્રાપ્ત કરે - આ પાવન ભાવનાથી વિરમું છું.

卐 卐 卐

## प्रस्तुत संस्करण की कीमत कम करनेवाले दातारों की सूची

| | |
|---|---|
| 1. श्रीमती भगवती देवी लक्ष्मीचन्दजी जैन, कांधला | 501.00 |
| 2. कोठारी तुषार शान्तिलालजी, भायंदर | 501.00 |
| 3. श्री मीठ्ठालाल वाड़ीलालजी गाँधी, भायंदर | 500.00 |
| 4. कोठारी परेशकुमार धीरजलालजी, भायंदर | 201.00 |
| 5. श्री राजेश अमृतलालजी शाह, भायंदर | 201.00 |
| 6. श्री महेन्द्र भायचंद्रजी जैन, भायंदर | 201.00 |
| 7. श्री शैलेशकुमार रमणलालजी कोटड़िया, भायंदर | 200.00 |
| 8. श्री दिलीपकुमार जयन्तीलालजी शहा, भायंदर | 200.00 |
| 9. श्री निर्मलकुमारजी जैन, भायंदर | 200.00 |
| 10. श्री रमेशचन्द कचरालालजी जैन, भायंदर | 101.00 |
| 11. श्री रमेशचन्द अमृतलाल शहा, भायंदर | 101.00 |
| 12. श्री प्रफूल्ल भाई कामदार, भायंदर | 101.00 |
| कुल राशि | 3,008.00 |

## ડૉ. હુકમચન્દ ભારિલ્લના મહત્વપૂર્ણ પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | સમયસાર અનુશીલન ભાગ-૧ | ૨૦.૦૦ |
| ૨. | સમયસાર અનુશીલન ભાગ-૨ | ૨૦.૦૦ |
| ૩. | સમયસાર અનુશીલન ભાગ-૩ | ૨૦.૦૦ |
| ૪. | સમયસાર અનુશીલન ભાગ-૪ | ૨૦.૦૦ |
| ૫. | પરમભાવ પ્રકાશક નયચક્ર | ૧૬.૦૦ |
| ૬. | ચિન્તન કી ગહરાઈયાઁ | ૨૦.૦૦ |
| ૭. | સૂક્તિસુધા | ૧૫.૦૦ |
| ૮. | બિખરે મોતી | ૧૨.૦૦ |
| ૯. | આત્મા હી હૈ શરણ | ૧૫.૦૦ |
| ૧૦. | સત્ય કી ખોજ | ૧૨.૦૦ |
| ૧૧. | પંડિત ટોડરમલ : વ્યક્તિત્વ ઔર કર્તૃત્વ | ૨૦.૦૦ |
| ૧૨. | ધર્મ કે દશલક્ષણ | ૧૦.૦૦ |
| ૧૩. | બારહ ભાવના : એક અનુશીલન | ૮.૦૦ |
| ૧૪. | વીતરાગ-વિજ્ઞાન પ્રશિક્ષણ નિર્દેશિકા | ૮.૦૦ |
| ૧૫. | આપ કુછ ભી કહો | ૭.૦૦ |
| ૧૬. | તીર્થંકર મહાવીર ઔર ઉનકા સર્વોદય તીર્થ | ૧૨.૦૦ |
| ૧૭. | ગાગર મેં સાગર | ૭.૦૦ |
| ૧૮. | પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ | ૬.૦૦ |
| ૧૯. | આ. કુંદકુંદ ઔર ઉનકે પંચ પરમાગમ | ૫.૦૦ |
| ૨૦. | ક્રમબદ્ધપર્યાય | ૨.૦૦ |
| ૨૧. | યુગ પુરૂષ કાનજીસ્વામી | ૫.૦૦ |
| ૨૨. | મૈં કૌન હૂઁ | ૪.૦૦ |
| ૨૩. | અહિંસા : મહાવીર કી દૃષ્ટિ મેં | ૨.૫૦ |
| ૨૪. | નિમિત્તોપાદાન | ૩.૫૦ |
| ૨૫. | ચૈતન્ય ચમત્કાર | ૨.૦૦ |

નોટ : ગોમ્મટેશ્વર બાહુબલી, તી. ભ. મહાવીર, વીતરાગી વ્યક્તિત્વ ભ. મહાવીર, બારહ ભાવના, કુંદકુંદ શતક, શુદ્ધાત્મશતક, સમયસાર પદ્યાનુવાદ, યોગસાર પદ્યાનુવાદ, અનેકાન્ત ઔર સ્યાદ્વાદ, શાકાહાર, શાશ્વત તીર્થધામ સમ્મેદશિખર, સાર સમયસાર, બાલબોધ પાઠમાલા, વીતરાગ-વિજ્ઞાન પાઠમાલા, તત્વજ્ઞાન પાઠમાલા, ગોલી કા જવાબ ગાલી સે ભી નહીં એવં અર્ચના (પૂજન સંગ્રહ) આદિ પુસ્તકેં ભી ઉપલબ્ધ હૈં ।